SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

MAY 2005



૬૧માં પ્રાકટયોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા કીર્તન- ભક્તિના દર્શન અને સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ માટે સંતો દ્વારા પ્રસાદીની વસ્તુની અર્પણ વિધિ

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1





સીડની (I.S.S.O.ઓસ્ટ્રેલીયા) આપણા મંદિરમાં દર્શન આપતાં
શ્રી હરિકૃષ્ણમહારાજ
તથા સભામાં હરિભક્તો ભજન કીર્તન કરતાં





પ.પૂ.મોટા મહારાજશ્રીના ૬૧મા પ્રાકટયોત્સવ પ્રસંગે સંત-હરિભક્તો સમૂહ આરતી ઉતારતાં



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેશમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ મે - ૨૦૦૫

અનુક્રમણિકા

૧. અસ્મદીયમ્ ૨
૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૩
૩. બામરોલી શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઈતિહાસ ૫
૪. સપ્તમ પીઠાધિશ્વરની સેવામાં સાવધાન રહેવું એ જ ધર્મ છે ૭
૫. પરમેશ્વરની વાર્તા ૧૦
૬. સાચુ સુખ સત્સંગ ના સગપણમાં ૧૨
૭. "હું અને મારું" ૧૫
૮. ભક્તિના તંબૂરથી ટપકતો ભક્તિનો રંગ ૧૬
૯. સત્સંગ સુરભિ : "કચરામાં કુંદન નો વાસ !" ૧૯
૧૦. મહારાજ સૌ બાળકોના ૨૧
૧૧. વિદ્યાર્થીઓનું વેકેશન ૨૨
૧૨. અક્ષરધામ વર્ણન ૨૪
૧૩. સત્સંગ સમાચાર દેશ-વિદેશના ૨૬

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

પોતાના ઈષ્ટનું સ્વરૂપ જેવું છે તેવું યથાર્થ જે મુમુક્ષુને ઓળખાય છે તેને પછી આ જગતમાં બીજું કાંઈ કરવાનું બાકી રહેતું નથી. વેદની શ્રુતિમાં પણ એટલે જ આવું કહેવામાં આવ્યું છે કે "एक विज्ञातेनने सर्व विज्ञातं भवति ।" એક પરમેશ્વરનાં સ્વરૂપનું જ્ઞાન થાય તો બીજા જગતના બધા જ પ્રકારના જ્ઞાનની સ્વયમેવ સ્ફુરણા પ્રાપ્ત થઈ જાય છે. પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન જીવને ત્યારે જ થાય છે જ્યારે તેનું અંતઃકરણ શુદ્ધ સત્વગુણ મય હોય. જ્યાં સુધી રાગદ્વેષ, કે મારું તારું છે ત્યાં સુધી રજોગુણ અને તમોગુણ મટતો નથી. રજ તમ ને સમ્પૂર્ણ પણે અંતઃકરણમાંથી જ્યાં સુધી કાઢવામાં ન આવે ત્યાં સુધી શુદ્ધ સત્વગુણ ટકી શકે નહીં. વૈદિક મંત્રોચારપૂર્વક રજોગુણ તમોગુણનો નાશ કરીને શુદ્ધ સત્વમાં વ્યક્તિને સ્થાપીને તેની રક્ષા માટે ઉપનિત કરવામાં આવે છે. જે સંસ્કારને આપણે ઉપનયન કહીએ છીએ. એક વિશેષ પ્રકારનું પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થયેલ વ્યક્તિને ઉપનિત કહેવામાં આવે છે. જનોઈના સંસ્કાર મળ્યા પછી વૈદિક જ્ઞાન ગાયત્રી મંત્રોચ્ચારનો અધિકાર મળ્યા પછી વેદાધ્યયન કરે છે. જેથી પરમેશ્વરના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેળવે છે. તેથી આ સોળ સંસ્કારમાં ઉપનયન સંસ્કારનું સૌથી વધારે મહત્વ છે. સમાજમાં પણ લગ્ન પ્રસંગની જેમ જ આવા ઉત્સવો ઉજવાતા જોવા મળે છે. અને તેમાં સૌ ઉત્સાહથી ઉપનીત તે પોતાની ભાવના વ્યક્ત કરવા માટે જેમ લગ્નમાં ચાંદલો આપીને ખુશી વ્યક્ત થાય છે. તેમ જ આ મંગલ પ્રસંગે પણ ચાંદલાથી નવાજવામાં આવે છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(એપ્રિલ - ૨૦૦૫)



6 શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર પાટોત્સવ પ્રસંગે પધરામણી.	10 સંતદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે પ.ભ. ગિરધરલાલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, નારણપુરા.	11 કોઠંબામંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.● બાલાસિનોર પ.ભ. રાકેશભાઈ એન. કાછીયાને ત્યાં પધરામણી.	
13 પ.ભ. કિરીટભાઈ બકોરભાઈ પટેલને ત્યાં પધરામણી, લવારપુર (જિ. ગાંધીનગર)	15 16 રોહીશાળા ગામે (મૂળી દેશ તા. ટંકારા) મંદિરના રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.		17 સાબલવાડ (જી. સાબરકાંઠા) ગૃપ સેવા સહકારી મંડળી લી.ના રજત જયંતી પ્રસંગે પધરામણી.
18 રામનવમી. બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક અને પ્રાકટ્યોત્સવ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન	19 કાંકરિયા (રામબાગ) મંદિર પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો. ● પ.ભ. ધરમશીભાઈ નરસિંહભાઈ પટેલને ત્યાં પધરામણી, મેમનગર.	20 પ.ભ. અરવિંદભાઈ લાલજીભાઈના "તુલસી જ્વેલર્સ"નું ઉદ્ઘાટન પોતાના વરદ્ હસ્તે વસ્ત્રાપુર.● પૂનમભાઈ મગનભાઈ પટેલને ત્યાં પધરામણી, એલીસબ્રીજ.	21 હળવદ (મૂળીદેશ - જી. સુરેન્દ્રનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાતવિધિ પોતાના વરદ્ હસ્તે કરી.
22 શ્રી સ્વામિનારાયણ મંદિર ગુજરવદી (તા. ધ્રાંગધ્રા મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.	23 વરિયા પ્રજાપતિ મિલન મંદિરમાં ભાગવત પારાયણ પ્રસંગે પધરામણી ઓઢવ.	24 શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા માર્તિયજ્ઞ પ્રસંગે પધરામણી.	25 શ્રી સ્વામિનારાયણ મંદિર લેઈ (ઈડર દેશ) પાટોત્સવ અને પારાયણ પ્રસંગે પધરામણી, વળતા પ.ભ. મુકેશભઈ ચૌધરીને ત્યાં પધરામણી, ગાંધીનગર. રાત્રે માંડવી
26 શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ)માં પાટોત્સવ અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.	27 પ.પૂ. મોટા આચાર્ય મહારાજશ્રીનો ૬૧મો પ્રાકટ્યોત્સવ પોતાની અધ્યક્ષતામાં ધામધુમથી ઉજવાયો.	29 30 ભૂજ (કચ્છ) રામપર વેકરા શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.	

સર્વે સત્સંગી માત્રને જરૂરી સૂચન

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની બહુજ સ્પષ્ટપણે પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા છે કે પોતાની આવકમાંથી દશમો ભાગ અથવા વ્યવહારે દુર્બળ હોય તેને વીસમો ભાગ દેશ વિભાગના આધારે પોતે જે દેશવિભાગમાં વસતા હોઈએ તે દેશ વિભાગના દેવને અર્પણ કરવો.

કેળવણી સંસ્થાઓ, ગુરૂકુળો કે મંદિરોના નિર્માણ થતા હોય અથવા કોઈપણ સ્થાનમાં દાન કરવું હોય તો ***ધર્મદામાં કાપ મૂકીને દાન ન અપાય. દેવનો ધર્મદો અમદાવાદ શ્રીનરનારાયણ દેવની ગાદીના આશ્રિતોએ શ્રીનરનારાયણદેવના કોઠારમાં જ પોતાનો ધર્મદો (રોકડ, અનાજ ઈત્યાદિ) જમા કરાવી પાકી પાવતી મેળવવી જરૂરી છે.***

સર્વાવતારી શ્રીહરિની ઈચ્છાથી આપણો સંપ્રદાય દેશ વિદેશમાં બહુ વિસ્તૃત અને વ્યાપક બનતો જાય છે. દાતાઓ ઘણી વખત ક્યાં દાન આપવું, ક્યાં વાસ્તવિક જરૂર છે. ઈત્યાદિથી પુરા સજાગ ન હોવાથી અયોગ્ય જગ્યાએ દાનનો પ્રવાહ વળી જાય છે. માટે દાતાઓને સૂચન છે કે દાન માટે યોગ્ય માર્ગદર્શન પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી મેળવવાથી જરૂરિયાતવાળા મંદિર, કેળવણી સંસ્થા, ગુરૂકુળ ઈત્યાદિ અંગે દિશા સૂચન મળી શકશે.

બામરોલી શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઈતિહાસ

પ.પૂ. આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અમદાવાદથી છપૈયા જતા ત્યારે સંત-પાર્ષદો અને હાથીઘોડાની સવારી સાથે મોટી મોટી કોતરો અને ડુંગરાઓની વચ્ચેથી ચંબલ નદી મધ્યપ્રદેશના અંતરિયાળ વિસ્તારમાં પસાર થાય છે તેજ રસ્તે વિશાળ રસાલા સાથે જઈ રહ્યા હતા ત્યારે ત્યાંની પ્રજાને તીરકામઠા અને બરછીઓ સાથે ફરતા જોયા. સંધ્યાનો સમય હતો. અંધારુ થઈ જવાથી આગળ જવાનો માર્ગ સૂઝતો ન હતો. અને ત્યાં આ હથિયારધારી લોકોને એકાએક જોતા પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજને કાંઈક અગમ્ય લાગ્યું. પરંતુ આ બધા લોકો પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું દિવ્ય મુખારવિંદ જોઈને ખૂબજ પ્રભાવિત થઈ ગયા અને મનમાં વિચારવા લાગ્યા કે આ કોઈ દિવ્ય પુરુષ ભગવાનના પુત્ર અથવા સ્વયં ભગવાન લાગે છે ! એવુ મનોમન વિચારતા સૌ તેમની પાસે આવી અને પૂ. મહારાજશ્રીના ચરણનો સ્પર્શ કરી કહેવા લાગ્યા કે અમો સૌ આ બામરોલી ગામના રહેવાસી છીએ. આપના દર્શનથી અમારા સૌના હૃદયમાં શાંતિ થઈ છે. આપ અમારા વેષ જોઈને સહેજ પણ ખચકાટ અનુભવશો નહીં. બસ અમને તો આજે એવું લાગે છે કે અમારા ભાગ્ય ખૂલી ગયા ! પ.પૂ. મહારાજશ્રી સૌનો અંતરનો ભાવ અને તેમની શ્રધ્ધા જોઈને ત્યાં રાત્રિ નિવાસ કર્યો. અને રાત્રે પૂજય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી એ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રકટપણા ની અલૌકિક વાતો કરી. સૌ ગ્રામજના



ને એવા ભક્તિ રસમાં તલ્લીન કરી દીધા કે તેમને કોઈને સમયનું પણ ભાન ન રહ્યું ! આવો જોગ આ ગામને અને આ પ્રજાને પ્રથમ મળ્યો હતો. ખરેખર દરેક જણ પોતાની જાતને ધન્ય ભાગી માનવા લાગ્યા. આથી સૌ ગામમાંથી પોતાના ઘેરથી ઘી, દહીં, દૂધ વગેરે લાવી ખૂબ સેવા કરી. આમ અહીંના સૌ પ્રેમી ભક્તોનો ખૂબજ પ્રેમજોઈને પ.પૂ. મહારાજશ્રી ચાર દિવસ અહીં રોકાયા. અને પછી સૌની પાસે અમદાવાદ જવાનો પોતાનો વિચાર જણાવ્યો. ત્યારે દરેકની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. અને અહીં વધુ રોકાવા માટે ખૂબ પ્રાર્થના કરી. પરંતુ પ.પૂ. મહારાજશ્રીએ બધા ભક્તોને ખૂબ જ પ્રેમથી સમજાવ્યા અને કહ્યું કે અમારા લાખો ભક્તોને પણ અમારે આ રીતે જ ગામોગામ દર્શન સુખ આપવાનું હોય છે. જેથી અમારે વધારે રોકાવાનું ક્યાંય પરવડે નહીં. પણ અમો તમને સૌને અમારી પૂજાની મૂર્તિ આપીએ છીએ તેમની નિત્યે પૂજા કરજો સૌ સુખી થશો. તે પછી ગ્રામજનોએ એક સુંદર સ્થાન માં મૂર્તિ પધરાવી તેની સેવા પૂજા કરવા લાગ્યા. અહીંથી વિદાય લેતા પહેલા પ.પૂ. મહારાજશ્રીએ ગામના સૌ ભાઈઓને કહ્યું કે તમારા ઘરેથી દહીં-દૂધ, સાકર અને ઘી લાવો. જેનો મોટો કળશ ભરીને ભક્તો પાસે ઉપડાવી પોતાના હાથે સ્પર્શ કરી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર બોલીને આખા ગામમાં દૂધની ધારા દઈને એવા આશીર્વાદ આપ્યા કે આ ગામમાં જે કોઈ મનુષ્ય નશ્વર દેહનો ત્યાગ કરશે તે પાપી હોય કે પુણ્યશાળી તો પણ તેને જમનું તેડું આવશે નહીં. ને તે ભગવાનના ધામમાં જશે. જે વચન આજે ઘોર કળિયુગમાં પણ સિધ્ધ થતું જોવામાં આવે છે. કારણ જે કોઈનો દેહ ત્યાગ થવાનો હોય તેના બે દિવસ પહેલા આચાર્ય મહારાજશ્રી અને તે સંતના દર્શન થાય છે. અને પછી દેહનો ત્યાગ કરે

છે. એવો ચમત્કાર આજના કળિકાળમાં સૌને નજરે જોવામાં આવે છે. સમયાન્તરે પ.પૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી એ સ.ગુ. પુરાણી સ્વામી નંદકિશોરદાસજીને અહીં શિખરબંધ મંદિર કરવા આજ્ઞા કરી પરંતુ સ્વામીને તે ગામની પરિસ્થિતિ અને અને સંજોગ જોતા મંદિરનું કામ કપરૂ લાગ્યું. પોતે ખૂબજ વ્યથિત થઈ ગયા. અને પ.પૂ. મહારાજશ્રીને પ્રાર્થના કરી અને પૂ. મહારાજશ્રીની કૃપાથી અને તેમની દિવ્ય પ્રેરણાથી જ સિંધિયા કુળના ગ્વાલિયરના રાજાને કોઈ સંતાન ન હતું. તેથી તેઓ કોઈ સંત મહાત્માની શોધ કરતા કરતા અંતરિયાળ એવા બામરોલી ગામમાં અનાયાસ આવી ચડ્યા અને ત્યાં પૂ. સ્વામીને મળ્યા અને સ્વામીની તેજસ્વી આભા જોઈએ પોતાનું વૃતાંત કહ્યું. પછી સ્વામીએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું માહાત્મય અને ધર્મકુળ માહાત્મય ખૂબજ મહિમા સહિત સમજાવ્યું. અને તેમને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો જાપ જપવાનું કહીને કંઠી પહેરાવી. અને શ્રીજી મહારાજની કૃપાથી થોડા સમય બાદ રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો. આથી રાજાએ અત્રે બામરોલીમાં શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનનું ભવ્ય મંદિર નિર્માણમાં ખૂબજ સહયોગ આપ્યો. જે મંદિર સંપૂર્ણ પૂર્ણ થતા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા કરીને બામરોલી ગામના ભક્તોનો સંકલ્પ પરિપૂર્ણ કર્યો. ખરેખર આવા દુરગમ્ય વિસ્તારમાં આપણું મંદિર અહીંના લોકો માટે આશીર્વાદ સમાન મોક્ષની પરબ છે. આવા મંદિરમાં દેવના દર્શન વર્ષમાં એકવાર જરૂર કરવા જવું જોઈએ. અને તો જ અહીં પૂજ્ય આદિ આચાર્ય મહારાજશ્રીએ આપેલ કોલની પ્રત્યક્ષ પ્રતિતિ થાય.

દર્શને જવા માટે રસ્તાની માહિતી : બાયપાસ વાહન લઈને જવું હોય તો અમદાવાદથી જયપુર ત્યાંથી આગ્રા ત્યાંથી મુંબઈ આગ્રા હાઈવે પર મોરેના આવવું. (આગ્રાથી બામરોલી ૧૧૦ કિલો મીટર થાય છે) મોરેના થી હાઈવે પર ટેકરી હનુમાનજી મંદિર આવે છે ત્યાં શ્રી સ્વામિનારાયણ મંદિરનું બોર્ડ છે. ત્યાંથી બિચોલા તરફ આવવું. બિચોલા થી ૩ કિલોમીટર આગળ શ્રી સ્વામિનારાયણ મંદિરનું બોર્ડ આવે છે. ત્યાંથી ફક્ત ૧ કિલોમીટર બામરોલી શ્રી સ્વામિનારાયણ મંદિર છે.

બીજો રૂટ : અમદાવાદથી ઈન્દૌર ત્યાંથી ૫૫૦ કિલોમીટર મુંબઈ આગ્રા હાઈવે પર ગ્વાલિયર આવવું. ગ્વાલીયરથી ટેકરી મોટા હનુમાનજી મંદિર આવવું. ત્યાંથી માલમપુર ચોકડી આવવું. ત્યાંથી રિઠોડા દશ કિલોમીટર છે. અને ત્યાંથી બામરોલી અવાય છે. (જે ૧૦ કિલો મીટર થાય) અગર છપૈયા દર્શન કરીને વળતા આવવા માટે છપૈયાથી કાનપુર અને કાનપુરથી લખનૌ થઈ ઈટાવા અને ઈટાવાથી ભીન્ડ હાઈવે ત્યાંથી માલમપુર ચોકડી થઈ અને ત્યાંથી વીસ કિલોમીટર રિઠોડા બિચોલા વચમાં બામરોલી આવે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર
બામરોલી
ફોન નંબર પી.પી.
(૦૭૫૩૨) ૨૪૨૨૮૫
મહંત પુરાણી સ્વામી
લક્ષ્મીનારાયણદાસજી
તથા સ્વામી ચૈતન્યદાસજી

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂ. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

સપ્તમ પીઠાધિશ્વરની સેવામાં સાવધાન રહેવું એ જ ધર્મ છે

- પટેલ ગોરધનભાઈ શંકરલાલ (સોજ)

जानामि धर्मं न च मे प्रवृत्तिः
जानाम्यधर्मं न च मे निवृत्तिः
धर्ममधर्मं यच्च ज्ञान निष्ठं
तत्वज्ञ जानन् सच एव मुक्तः

શ્રીહરિના સત્સંગમાં હોવા છતાં સત્સંગનું જેવું છે તેવું સુખ કેમ પ્રાપ્ત થતું નથી ? તેનું કારણ છે. આપણું મન સ્થિર નથી, બુદ્ધિ તર્કસંગત બની ગઈ છે. અને ચિત્ત ધન-દારા-પુત્ર પરિવાર સત્તા પદ અધિકારની લાલસામાં લપટાઈ ગયું છે. અને "સમય બદલાયો છે કે આપણે બદલાયા છીએ ? તે સમય બદલાયો છે." તે વાત વાગોળી, પોતાને સમજવાની ફુરસત આજે કોઈને નથી. પરિણામે ધાર્મિક કહેવાતા કેટલા ભક્તજનો પણ દુઃખ અનુભવે છે. તેનું કારણ છે - અંધશ્રધ્ધા.

ज्ञान दूर कुछ, श्वि या भिन्न है
इच्छा पूरी क्यों हो मनकी ?
एक दूसरे से न मिल सके
यह विडम्बना है जीवन की ।

એટલે જીવનનું આ વિઘ્ન ટાળવા સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીનું વચન છે. તે

"સંતકૃપાએ સુખ પામિએ,
સંત કૃપાએ ઉપજે જ્ઞાન,
નિષ્કુણાનંદ સંત કૃપા કરે,
તો આપે અવિચળ દાન.
સંતકૃપાથી સુખ પામિયે,
સંત કૃપાથી સદ્‌ગુણ
સંતકૃપા વિના સાધુતા,
કહોને પામિયા કોણ."

એટલે માનવ જીવનની સાર્થકતા પૂર્ણ કરવામાં અને લૌકિક તથા પારલૌકિક જીવનમાં પરમ-પદની પ્રાપ્તિ કરવામાં મોટામાં મોટું વિઘ્ન હોય તો જ્ઞાન અને ક્રિયાનો સમન્વય નથી, આ બન્નેનો વ્યક્તિના જીવનમાં સમન્વય કરવા "સંત કબીરની વાત "कथनी तजि करनी करै दुःख काहेको होय" સત્ય બને તો જ પરમાર્થની વૃત્તિ જાગે, અને શિક્ષાપત્રી વચનામૃતાનુંસાર શ્રીહરિની ધાર્મિક પ્રણાલી પ્રમાણે સત્સંગનું સુખ માણવું હોય તો.....

હરિની મરજાદમાં રહે નિત્ય રે,
ધર્મ નિમ પાળે રૂડી રીતે રે
લોપે નહીં આજ્ઞા લગાર રે,
ચાલુ પ્રભુ વચન અનુસાર રે
હોય આજ્ઞા કારી અંગ રે,
કેદિ ન કરે આજ્ઞાનો ભંગ રે
એવાથી થાય કલ્યાણ રે,
કહી બીજાની સાંભળ સુજાણ રે
મત્સ્ય પ્રભુના મત્સ્ય જ કહીયે રે
તેથી કહો કલ્યાણ કેમ લહિયે રે
- - - - - - - - - -
માટે હરિ હરિજન વોણું રે,
કરશે કલ્યાણનું જો વગોણું રે
- - - - - - - - - -
આપ સ્વારથ સૌ સાર શરે રે,
હરિના થૈ પરધર મારશે રે
માટે તોળી તપસાવું વેલે રે,
કલ્યાણ પ્રભુ કે પ્રભુને મળે લે રે
તે વિના કલ્યાણ કાયું રે,
કહે નિષ્કુળાનંદ એ સાયું રે
(કલ્યાણ નિર્ણય-૮)

એટલે કલ્યાણના દાતા, સુખના આપનારા ધર્મની રક્ષા કરનારા શ્રીજી મહારાજ છે તેથી તો (શ્રી બાલમુકુંદ-કવિ કહે છે.)

ક્યાંહાં છપૈયા ? ક્યાં ગઢડા ?
ક્યાં અમદાવાદ વડતાલ ?
ચરણ કમળ શ્રીહરિએ ધરિયાં,
કરી ગુર્જરી ન્યાલ.
આસુરી તત્વો સંહાર્યા, ધર્મકુળ
પ્રસ્થાપ્યું..... એવા

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામીને સહજ આનંદની પ્રાપ્તિમાં સાષ્ટાંગ પ્રણામ સહ સૌ સત્સંગી શ્રીહરિના વચનામૃત, શિક્ષાપત્રી પ્રમાણ સત્સંગમાં ધર્મકુળ જે સ.ગુ. મુક્તાનંદ સ્વામીના સબ્દોમાં - સત્સંગમાં જેનું અતિ માહાત્મ્ય છે -

ધર્મવંશીનું માહાત્મ્ય અપારજી,
શ્રીમુખ વર્ણવ્યું વારંવારજી
માટે ધર્મકુળ જેવું નહિ કોયજી,
અતિ બડભાગી સેવે સોયજી અને
શ્રીહરિના સ્વમુખની વાણીમાં
અતિ પુણ્યવંત જેહજી, સૌના

ગુરુ અમે કીધા તેહજી
માટે અમારા સેવક સર્વેજી,
ધર્મવંશ સેવો તજી ગર્વજી.
ધર્મકુળને સેવવું, રાખી અચળ
ઉર ટેક,
ધર્મ અધર્મ વંશનો જાણવો
સર્વ વિવેક
ધર્મ અધર્મ સર્ગમાં છે પ્રગટ
ભેદ અનંત
તેને જે એક કરી જાણશે તે
વિમુખ કુમતિ જંત.

- ધર્માખ્યાન સ.ગુ. મુક્તાનંદ સ્વામી

અને જે ધર્મકુળ "પ્રગટ પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જેવું છે તેવું સર્વોપરિ માહાત્મ્ય સમજીને સદા પ્રાર્થના કરે છે.

આદૌ પ્રેમવતી વૃષાંગ જનનં સનૈક
તીર્થાટનં
દુષ્કર્મોપશમં ચ સાધુ-શરણં સદ્ધર્મ
સંસ્થાપનમ્ ।
હિંસા વર્જિત ભૂરિ યજ્ઞ કરણં મૂર્તિ
પ્રતિષ્ઠાપનં
આર્યસ્થાપનમક્ષ રાખ્ય ગમનં
સત્સંગિસઞ્જીવનમ્ ॥૧॥

એવા પરમપૂજ્ય ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પોતાનું આચાર્યપદ સોંપી જગતના જીવોને વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશવાનો અનાસક્તિ ભાવ કેળવી શ્રીહરિ સાથે ખિલવાડ કરવાનો જે સચ્ચિદાનંદ સ્વરૂપનું દર્શન કરાવ્યું છે તેવા મારા ગુરુજનોને કોટિ કોટિ વંદન. સહ સૌને વાંચક સત્સંગી હરિભક્તોને જયશ્રી સ્વામિનારાયણ સાથે નમ્ર વિનંતી સમય સંજોગ અનુસાર સત્સંગ સમાજમાં સદાકાળ જાગતા રહેવાનો નિર્ધાર કરીએ (૧) આજે ઘેર ઘેર ગુરુ થઈ ઘેર ઘેર ધર્મની ગાદીઓ રચનારા- છળ-કપટ-ઈર્ષા-દ્વેષ-માન-મત્સર આદિ અધર્મ સર્ગોના ગુલામ બની માન-મોટાઈ-પ્રતિષ્ઠા અને પોતાના અહમ્‌ને પોષવા સ.ગુ. મુક્તાનંદ સ્વામીના શબ્દોમાં,

ગુરુ થઈ નરનારીને આપે
અસત ઉપદેશ,
ધર્મથી કરે ભ્રષ્ટ સૌને, તેનો
ત્રાસ ન લેશ.
ભવતારણ શ્રીકૃષ્ણની
ભક્તિથી પાડે એહ

તેઓથી બચવા માટે શ્રીહરિના વચનામૃતો મન-બુદ્ધિ અને ચિત્તમાં સદાકાળ અંકિત રહે તેવો પ્રયત્ન કરીએ, વચનામૃતોનું સેવન કરીએ અને શુદ્ધ સનાતન શ્રીહરિનો જેવો છે તેવો સત્સંગ દૃઢ કરીએ તો સારું. "આત્માને અક્ષર ભગવાનનું શરીર છે, અને ભગવાનને અધિન પરતંત્ર છે. ભગવાન આગળ તે અતિ અસમર્થ છે. અને શરીરી એવા પુરુષોત્તમ ભગવાન તો અતિ સમર્થ અને સદા દિવ્ય મૂર્તિમાન છે. (વચ. ગ્ર.પ્ર. ૬૪) અને "પુરુષોત્તમ નારાયણ પોતાના ઐશ્વર્યે કરીને સર્વોપરિ વર્તે છે જે એને બીજા અક્ષરાદિક મુક્ત સરખા કહે છે તે દુષ્ટ મતિવાળા અને અતિ પાપી જાણવા. અને એનાં દર્શન પણ કરવાં નહિ." (વચ. લોયા.-૧૩) અને પુરુષોતમ નારાયણની મૂર્તિ સાથે હેતની વૃત્તિએ જોડાયા સિવાય, કોઈ અક્ષરધામને પામતો નથી. માટે મહારાજના જેવું હેત કોઈ મુક્તને વિષે ન રાખવું. (સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતો પ્રકરણ-૧ વાર્તા- ૧૧-૧૯ માંથી) એટલે શ્રીહરિના વચનામૃતો અને નંદપંક્તિના સંતોની વાણી ગ્રહણ કરી સત્સંગમાં વર્તીએ. ત્યારે ઉપાસનાની શુધ્ધ વાત સમજાય. પુરુષોત્તમ નારાયણની શુધ્ધ ઉપાસના સમજ્યા વિના કોઈ રીતે ખામી ભાંગશે નહિ. અને

સ શ્રીકૃષ્ણઃ પરબ્રહ્મ ભગવાન
પુરુષોત્તમઃ ।
ઉપાસ્ય ઇષ્ટદેવો નઃ સર્વા વિર્ભાવ
કારણમ્ ॥

શિ.શ્લોક ૧૦૮ અને ઈશ્વર તે કયા ? તો પરબ્રહ્મપુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે આપણા ઈષ્ટદેવ છે. ને ઉપાસના કરવા યોગ્ય છે. આ શ્લોકથી એક જ સર્વોપરિ ભગવાન શ્રીસ્વામિનારાયણ એવા હરિકૃષ્ણની ઉપાસના માટે આજ્ઞા કરી છે. સેવક સાથે ભગવાનની ઉપાસના કરવાની વાત વચનામૃતોમાં પણ જોવા મળતી નથી. અને શિ.શ્લો.૧૧૫ માં - શ્રીહરિએ સ્પષ્ટ સ્વમુખે કહ્યું છે

કૃષ્ણાસ્તદવતારાશ્ચ
ધ્યેયાસ્તત્પ્રતિમાડપિ ચ ।
ન તુ જીવા નૃદેવાદ્યા
ભક્તાબલવિદોડપિ ચ ॥

અને તેમના અવતારો અને તેઓની

પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે, પણ મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણના ભક્ત હોય ને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી. માટે તેમનું ધ્યાન ન કરવું. અને શિ.શ્લોક ૧૧૩ માં શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ આ પૃથ્વીને વિષે સર્વે મનુષ્યે કરવી. એટલે "સ્વામી સેવક" ભાવની ભક્તિ એ યુગલ ઉપાસના નથી પણ શ્રીહરિના સેવક બની શ્રીહરિની ઉપાસના કરવાની છે. કેવા સેવક તો સ.ગુ. મુક્તાનંદ સ્વામીના શબ્દોમાં :-

સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો,
સાધન સર્વે માન બંગાડે પળ વિશે,
જેમ ભણીયું પય સાકરમાં અહીં ઝેર જો.

આમ 'સ્વ' ને ભૂલીને નિર્માની વર્તમાનમાં દૃઢ બની મૂળમાં રામાનંદ સ્વામીના પટ્ટ શિષ્ય હતા.અને સત્સંગમાં મોટેરા હતા. અને શ્રીહરિએ માંગરોલમાં સમાધિ પ્રકરણ ચલાવ્યું, ત્યારે મેઘપુરમાં શ્રીહરિને મળ્યા ત્યારે ઠપકો આપ્યો.- "મહારાજ દિયો પાખંડ મેલી સતસંગમાં ના થાવું ફેલી" ત્યારે મહારાજે કહ્યું , આ તો સ્વામિનારાયણ નામના મંત્રના પ્રતાપથી અને ગુરુ પ્રતાપે થાય છે. એટલામાં સંતદાસજીને સમાધિ થઈ અને મુક્તાનંદે તેમનાં નાડી, પ્રાણ તથા શ્વાસ તપાસ્યા, કંઈ જણાયું નહિ, પછી થોડીવારે સમાધિમાંથી જાગીને સંતદાસજીએ કહ્યું, "હું અક્ષરધામમાં ગયો હતો અને રામાનંદ સ્વામીને ઉધ્ધવજીરૂપે આ સહજાનંદ સ્વામી સેવામાં જોયા." આ વાત સાંભળી દ્વિધામાં પડ્યા ! પછી શ્રીહરિ સાથે સ્નાન કરવા ગયા, ત્યાં બર્હિભૂમિ જવા માટે ખૂબ દૂર ગયા. અને જ્યારે પાછા ફર્યા ત્યારે સ્વામી રામાનંદજીનાં પ્રત્યક્ષ દર્શન થયાં ત્યારે હાથ જોડી ઊભા રહ્યા. **ત્યારે રામાનંદ સ્વામીએ પ્રેમથી કહ્યું, "તમો આટલા અલ્પ સમયમાં મારું કહેલું બધું ભૂલી ગયા." આ સહજાનંદ સ્વામી સાક્ષાત્ સર્વાવતારી પરમાત્મા છે. અને હું તો ઉધ્ધવનો અવતાર છું. અને તેઓ પોતાનું સામાર્થ્ય છુપાવીને વર્તે છે.** અને આ સમાધિઓ તો તેઓ પાતાના સંકલ્પ માત્રથી કરાવે છે. તેમના સંકલ્પથી અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ થાય છે. દરેક જીવ પ્રાણી માત્રના નાડી, પ્રાણ તેમના હાથમાં છે તો પછી સમાધિ કરાવે તેમાં શું આશ્ચર્ય છે ? માટે સર્વે શંકાઓ દૂર કરી તેમનું ભજન કરો. તેમાં તમારો ઉધ્ધાર છે. આમ રામાનંદ સ્વામીની વાત સાંભળી." શ્રીહરિને કહેતાં સહજાનંદ સ્વામીને સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારના અવતારી જાણી ગયા અને આનંદમગ્ન બની, સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! મંત્રો વડે સ્નાન કરી, જંગલમાંથી પુષ્પો વણી લાવી ઉતારે જઈ શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, ચંદન પુષ્પથી પૂજા કરી. ત્યાં શ્રીહરિની આરતીનો આર્તનાદ વાણી દ્વારા પ્રગટ થયો.

"જય સદ્‌ગુરુ સ્વામી સહજાનંદ
દયાળુ,બળવંત બહુનામી"

સમગ્ર સાધુગુણે સંપન્ન સ.ગુ. મુક્તાનંદ સ્વામી હતા એટલે તો બીજાઓની પેઠે ઈર્ષ્યા, માન, મત્સર આદિક દોષોને અલ્પ પણ સ્થાન ન આપીને નાના બાળકની જેમ શ્રીહરિની મોટપ સ્વીકારી ગુરુપદની ગાદી છોડી સંતપણાની મોટાઈ સાચવી સૌને પ્રેરણાદાયક સંદેશ - પૂરો પાડ્યો છે. શ્રીહરિની નીચી ટેલ મળે તો દાસી થઈ સેવજો. "હે ભક્તો ! આપણે શ્રીજી મહારાજની આજ્ઞા (શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિ જીવન ને સત્સંગિ ભૂષણ) ના જ્ઞાન દ્વારા જેવી છે તેવી પાળવી જોઈએ.આપણે પતિત પાવન શ્રીજી મહારાજના સત્સંગના ધર્મકુળ આશ્રિત સત્સંગીઓ છીએ એ વાત સમજી વિચારી મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તીશું તો જ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો રાજીપો શ્રી નરનારાયણદેવની કૃપાથી આપણા ઉપર ઉતરશે. ત્યારે માણીગર માવ પોતાનું અક્ષરધામ આપશે. માટે સેવા ભક્તિ એટલે મન-કર્મ વચને ગુરુની અનુવૃત્તિમાં રહેવાનો સંકલ્પ દૃઢ કરી, ભગવાન દૃઢ નિશ્ચયવાળી સાચી ભક્તિથી વશ થાય છે. તો સર્વે સાચો "સત્સંગ" સમજ્યા સાવધાન થઈ ને શ્રીહરિનું ધ્યાન શ્રી નરનારાયણ દેવની નિષ્ઠા પાકી કરી સદાકાળ ધરીએ એ જ રૂડું ભજન છે.

પરમેશ્વરની વાર્તા

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

શ્રી ગઢડા મધ્યના નવમાં વચનામૃતમાં શ્રીજી મહારાજે "પરમેશ્વરની વાર્તા" કરી છે. સંવત ૧૮૭૮ ના શ્રાવણ સુદી ચૌદશનો દિવસ અને શ્રીજી મહારાજે હાથે રાખડીઓ બાંધી છે. મુક્તાનંદ સ્વામી કહે છે, "કીર્તન બોલીએ" પરંતુ શ્રીજી મહારાજે કહ્યું, **"લ્યો પરમેશ્વરની વાર્તા કરીએ."** શ્રીહરિ શ્રીમુખેથી આ વાર્તા સમજાવે છે. અહીં કોઈ પ્રશ્નોત્તરી નથી. વાત કંઈ બહુ લાંબી નથી. ટૂંકી ને ટચ છે. પણ સો ટચ નાં સોના જેવી છે.

શ્રીહરિ કહે છે, "કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહિ, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહિ."

"જે સમજું હોય તેણે ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થિ પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ હંમેશા ભગવાનની મૂર્તિનું બળ અતિશે રાખવું."

આ મૂર્તિનું બળ તે શું ? તો શ્રીહરિ કહે છે : **"સર્વોપરિ ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારના અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે."**

પુરુષોત્તમ ભગવાનના આ એક વચનનું વાક્ય એટલું અદભૂત અને અનુપમ છે કે જો એનો મહિમા સમજાઈ જાય, પછી બીજું કશું કરવું રહ્યું નથી ! એનાં પ્રત્યેક શબ્દ અગત્યનાં છે.



અહીં ભગવાનનું જે સ્વરૂપ છે તે યથાર્થપણે દર્શાવ્યું છે. અને "એ જે સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે." તેવી દૃઢતા સાથે એ સ્વરૂપનું બળ અતિશે રાખવાની વાત છે. એકાંતિક ભક્ત અને પાકા સત્સંગી બનવાની આ બંને વાત અહીં ખૂબ ખૂબી પૂર્વક રજુ કરવામાં આવી છે !

ભગવાન કહે છે કે અમે આ પ્રમાણે સમજાવી એવી ભગવત્સ્વરૂપ ની નિષ્ઠા પાકી નહિ હોય તો પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જવાય ! હા, બ્રહ્માના કે બીજા દેવતાના લોકમાં જવાશે. પરંતુ જો અમારા ધામને વિષે જવું હોય તો "પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."

આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનાં સ્વરૂપની વાત છે. અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિનું સ્વરૂપ કેવું છે ? તો કહે છે (૧) સર્વોપરિ (૨) સદા દિવ્ય સાકાર મૂર્તિ અને (૩) સર્વે અવતારનું કારણ અવતારી એવું છે. આ સ્વરૂપ ભગવાન ના બધા જ અવતારોનું કારણ છે. કારણ હોય તે અતિ સુક્ષ્મ હોય તેમ છતાં ગમે તેવા મોટા કાર્ય કરવાને સમર્થ હોય અને કાર્ય થકી નોખું પણ હોય. પુરુષોત્તમ ભગવાન અર્થાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન એ જ સર્વ અવતારનાં અવતારી છે.

અર્જુનજીને ભગવત્સ્વરૂપના બળની અને એમના વચનની દૃઢતા હતી. અને યુધિષ્ઠિર રાજાને શાસ્ત્રનાં વચનનું બળ હતું. "સર્વધર્મ ને તજીને તારા મનથી માનેલા ધર્મમાત્રનો ત્યાગ કરીને તું માત્ર મારા જ શરણે આવ, એક મારા જ વચનને અનુસરીને યુધ્ધ કર. હું તને સર્વ પાપ થકી છોડાવીશ." શ્રીકૃષ્ણનાં આ વચનને માનીને અર્જુનજી એ યુધ્ધ કર્યું -અનેક જીવોને

માર્યા - અનંત દોષ થયા તો પણ મનમાં લેષમાત્ર ઝાંખા થયા નહિ. કેમ કે એમને ભગવાનના આશ્રયનું બળ હતું. આ બાજુ યુધિષ્ઠિરે કાંઈ પાપ કર્યું નહોતું. તો પણ શાસ્ત્રનાં વચનનો વિશ્વાસ હતો તો મનમાં શોક થયો કે "મારું હવે કોઈ કાળે કલ્યાણ નહિ થાય !"

શ્રીમદ્ ભાગવતમાં પણ એ જ વાત પ્રધાનપણે સમજાવી છે કે "શ્રુતિસ્મૃતિ ના ધર્મને કાંઈક તજાય તો તેની ચિંતા નહિ પણ ભગવાનનો આશ્રય તજવો નહિ."

શ્રી હરિ પાછાં સમજાવે છે કે આ વાત સમજવાથી ધર્મ ખોટા થઈ જતા નથી. પરંતુ જો દેશ, કાળ, ક્રિયા,સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ અને દેવતા એટલાં વાનાં માંથી ક્યારેક જો અશુભનો યોગ થાય ને કાંઈ વિઘ્ન પડે તો પણ જો ભગવાનના સ્વરૂપની નિષ્ઠા પાકી થઈ ગઈ હોયતો કલ્યાણના માર્ગમાંથી કોઈ કાળે પડાય નહિ. કેમ કે અશુભ .યોગથી જો કદાચિત્ સત્સંગમાંથી બહાર નીસરી જવાય તો પણ જો ભગવાનની મૂર્તિનું બળ અતિશે હશે તો દેહ મૂકીને અંતે તો ભગવાનનું જે અક્ષરધામ તેને જ પામશે. અને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠામાં કચાશ હશે તો ધર્મમાંથી ચળી જવાય તે દિવસે એને મનમાં સતત એમ ભીતિ રહી જશે કે બસ હવે હું નરકમાં પડી ચૂક્યો !

અહીં બીજી એક સુક્ષ્મ વાત એ પણ દૃઢ કરવાની છેકે પોતાને સેવવાને અર્થે ધર્મવંશના આચાર્યે આપેલી જે મૂર્તિ તે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનુંજ સ્વરૂપ છે.

ગઢડા મધ્યના ૧૩ માં વચનામૃતમાં શ્રીહરિએ ભગવાનનું દ્વિભુજ દિવ્ય સાકાર સ્વરૂપ વર્ણવ્યું છે તે જ સ્વરૂપ અક્ષરધામને વિષે નિત્ય વિરાજમાન છે- તે જ સ્વરૂપ તે આ શ્રીજીમહારાજ છે - તે જ સ્વરૂપ મને ધર્મવંશના આચાર્યશ્રી એ આપ્યું છે એટલે છેવટે તો મુખ્ય વચન : "સર્વોપરિને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વઅવતારના અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ તે જ મને પ્રાપ્ત થયું છે." બસ આ જ સ્વરૂપની દૃઢતા કરવાની છે.

ટૂંકમાં મારા દેવ-ઘરને વિષે વિરાજમાન જે સ્વરૂપ તે જ સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ છે કે જે અક્ષરધામને વિષે નિત્ય વિરાજમાન રહે છે. વડવાનળનો અગ્નિ, દીવાનું સ્વરૂપ બનીને મારા ઘરને મારા હૃદયને સદાય અજવાળી રહ્યો છે !

આ દિવ્ય વાર્તા સમજાવ્યા પછી શ્રીજી મહારાજ જે જે ઉપમાઓ આપે છે તે બધી જ "પરમેશ્વરની વાર્તા" ને અતિ દિવ્ય બનાવી દે છે.

(૧) આવી વાર્તા કોઈ કાળે સાંભળી પણ નથી અને સાંભળશું પણ નહિ.

(૨) આ વાર્તા તો "ન ભૂતો ન ભવિષ્યતિ " એવી છે.

(૩) અતિશે ઝીણી વાર્તા છે તો પણ અતિશે સ્થૂળ બુધ્ધિવાળા હોય તેને પણ સમજાય છે.

(૪) આ તો અતિશે મૂર્તિમાન વાર્તા છે.

(૫) આ વાર્તા સમજીને અતિદૃઢ ભગવાનનો આશરો કરવો એ જ મત અતિ સારમ

ગૃહત્યાગ કરતી વેળાએ શ્રીઘનશ્યામ મહાપ્રભુએ જે ચાર સારનો ગુટકો પાસે રાખેલો એજ સર્વે શાસ્ત્રોના નીચોડ રૂપે "સારમાં અતિ સાર" એવી આ "પરમેશ્વરની વાર્તા" પરમેશ્વર શ્રીહરિ એ પોતે જ સમજાવી છે. એને અતિ દૃઢ કરીને અંતરમાં ઉતારવી એજ એકાંતિક ભક્ત અને પાકા સત્સંગીનું લક્ષણ છે, કેમ કે

વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમ નારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી. (કા.૧૨)

પ્રવેશ ચાલુ છે

શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ સંચાલિત શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં ધો. ૪ થી ૧૨ (સા.પ્ર.)માં પ્રવેશ ચાલુ છે. તેમજ હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ છે. માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ સમયસર પ્રવેશ મેળવી લેવો.

જુન ૨૦૦૫ થી બી.એડ. કોલેજની પણ શરૂઆત કરવામાં આવે છે.

સ્થળ :
શ્રી સ્વામિનારાયણ વિશ્વમંલ ગુરુકુળ
જી.આઈ.ડી.સી. નેશનલ હાઈવે, કલોલ
ફોન : (૦૨૭૬૪) ૨૨૩૮૦૫

લિ.
મેનેજીંગ ટ્રસ્ટી શ્રી
શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી

સાચું સુખ સત્સંગ ના સગપણમાં

પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલ્હાપુર)

જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત થાય છે તેને તો આ જગતપણ નથી અને આ જગતનો વૈભવ કે રિધ્ધિ-સિધ્ધિ કંઈ જ જોઈતી નથી. તેને તો માત્ર ભગવાનની મૂર્તિનું સુખ જ જોવે છે. તેને તો સત્સંગના સુખનો જ ખપ છે તેથી તે માન કે અપમાન, ટાઢ કે તડકો, ત્યાગ કે સત્કાર, પ્રેમ કે હડડૂત ગમે તેમ ભગવાન કરશે તે સર્વે તેને માન્ય છે અને તે તેમના ચરણારવિંદમાં પડી રહેશે. અને જેને ભગવાનના ચરણારવિંદનું પણ સુખ પ્રાપ્ત થયેલ છે. તેને કોઈ ગમે તેવો હોય તે પણ તે સુખમાંથી વંચિત કરી શકે તેમ નથી. તે નક્કી વાત છે.

આવા જ કચ્છના કારભારી સુંદરજી સુતાર હતા. તે ભગવાનમાં સંપૂર્ણ નિષ્ઠાવાળા એકાંતિક ભક્ત હતા. ગુજરાત, કાઠીયાવાડમાં વૈરાગી-સાધુઓનો ત્રાસ સંતોને વધારે હતો. પરંતુ કચ્છમાં સુંદરજી સુતારના કારભારીપણાને કારણે આપણા સંતોને કોઈ હેરાન કરતા ન હતા. કચ્છમાં સુંદરજી સુતારના સંતો તરીકે જ ઓળખાતા હતા. કહો તો સંતોની કેવી સેવા તે કરતા હશે ?

શ્રીજી મહારાજની દરેક આજ્ઞા તે માથે તરત જ ચઢાવી લેતા. એક વખતે ખાંડુ પરણાવી વળતાં બંધીયા ગામે આવ્યા તો શ્રીજી મહારાજ ડોસા વાણિયાને ઘરે ઉતર્યા છે. તો તેમને દર્શને ભાગોળે લશ્કરને થોભાવી આવ્યા. શ્રીજી મહારાજે પૂછ્યું કોણ છો ? તો સુંદરજી કહે તમારો દાસ મહારાજ ! દાસનાં લક્ષણો ? "સ્વામિની આજ્ઞામાં વર્તવું તે" તો પછી તરત જ શ્રીજી મહારાજે આજ્ઞા કરી "આ રાજઠાઠ ઉતારીને દાઢી-મૂછ મુંડાવી સાધુ બની કાશી ચાલ્યા જાઓ." શ્રીજી મહારાજની આવી આજ્ઞા થતાં તરત જ સુંદરજી સાધુ બનીને ખાંડુ - લશ્કર મુકી દઈ કાશીને રસ્તે હાલતા થયા.

આવું બન્યુ, જોઈ સભામાં મુક્તાનંદ સ્વામીને શ્રીજી મહારાજે પૂછયું - બરાબર છે ને ? તો તેમને કહ્યું, "મહારાજ તમે કર્યુ તે બરાબર જ હોય, પરંતુ કચ્છમાં આપણને જે શાંતિ મળતી હતી, તે વૈરાગીઓનો ત્રાસ વધી જશે." સ્વામીની વાત માની મહારાજે સુંદરજીને પાછા બોલાવ્યા ને ફરી પૂછયું, "તમે કોણ ? " 'તમારો દાસ'. તો સાધુનાં કપડાં ઉતારી ફરી કારભારીનાં વસ્ત્રો પહેરી લો અને કારભારું કરો. તેમણે તેમ કર્યું. મહારાજ રાજી થયા ને ભેટી પડ્યા. આમ જે દાસ છે તે આવા હોય. ભગવાન જેમ કહે તેમ કરે.

બંધીયાના ડોસા વાણિયાને ઘરે શ્રીજી મહારાજ ઉતર્યા હતા અને સુંદરજી સુતારને દર્શનનો લાભ આપ્યો હતો તે ડોસા વાણિયા પણ તેવા જ શ્રીજી મહારાજના દાસ હતા. અને તે શ્રીજી મહારાજની ઘણી સેવા કરતા. એક વખતે શ્રીજી 'મહારાજે' તેમને કહ્યું. તમારા ઘરમાં જે કંઈ રૂપિયા, ઘરેણાં, દાગીના હોય તે સર્વેની ગાંસડી બાંધી લો. વાણિયાએ શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ બાંધી દીધી. હવે ઉપાડીને ચાલો મારી સાથે ને તેમને જંગલમાં દૂર લઈ ગયા. અને એક અવાવરૂ કૂવામાં તે નંખાવી દીધી. શ્રીજી મહારાજ ડોસા વાણિયાને લઈને બીજે ગામ ગયા. ત્યાં જઈ મહારાજે પૂછયું કે તમોને કંઈ હરખ-શોક ના થયો ? તો તેણે જવાબ આપ્યો, "મહારાજ, આમાં મારૂં કંઈ જ ન હતું, તમારૂં હતું. તમારી આજ્ઞા મુજબ મેં કર્યું. હું તો તમારો નોકર, તમે મારા શેઠ."

બે દિવસ પછી મહારાજે તેમને રજા આપીને કહ્યું, " ઘરે જાઓ, અને પેલા કૂવામાંથી પેલું પોટલું કઢાવી લેજો." ઘરે આવ્યા તો ખબર પડી કે રાત્રે લૂંટારા ગામમાં આવેલ ને તે બધાંને લૂંટીને જતા રહ્યા. વાણિયાના

ઘરમાં પણ પેટી-પટારા તોડી નાખેલા. ત્યારે ડોસાને શ્રીજી 'મહારાજ' નો ઉપકાર યાદ આવ્યો. ને પોતાની સંપત્તિની રક્ષા કેવી રીતે કરી તે વિચારમાં જ મહારાજ માં નિષ્ઠાનો ઓર વધારો થઈ ગયો.

તે જ ગામના કેટલાક યાત્રાળુઓ દ્વારકા ગયેલ ને વળતાં ગઢડા આવ્યા. બધાંને ખબર કે ડોસા શેઠના ભગવાન અહીં રહે છે. ચાલો તેમનાં દર્શન કરી લઈએ. શ્રીજી મહારાજનાં દર્શન બધાંએ ભાવથી કર્યાં. ને મહારાજે પણ ભાવથી બધાનો સત્કાર કર્યો. વળી સાથે ડોસા શેઠની ભારોભાર ભક્તને પવિત્રતાની વાતો કરી. બધા કહે મહારાજ તમો માનો તેવા તે નથી. તે તો સંસારમાં ને વેપારમાં ગળાડૂબ જીવ છે. શ્રીજી 'મહારાજ' કહે તમો તેને તેવો ના માનો. તે મારો દાસ છે. અમો કહીએ તેમ જ તે કરે. લો તમોને આ ચિઠ્ઠી લખી દઉં છું. તે તેમને તમો આપજો. **યાત્રાળુઓએ બંધીયા જઈ ડોસા વાણિયાને તે મહારાજની ચિઠ્ઠી આપી. વાંચીને તરત જ ગોળ જોખવાનું બંધ કરી, દુકાન ખુલ્લી ને ખુલ્લી મુકી બારોબાર ગઢડાનો પંથ પકડ્યો.** ને મહારાજના દર્શન કરી દીક્ષા લઈ સાધુ થઈ ગયા. આવા દાસાનુદાસનાં લક્ષણોથી ભરેલા ભગવાનના ભક્તોની વાતો હતી. જે પલવાર પણ આજ્ઞાનું પાલન કરવામાં ઢીલ કરતા નહીં. અને ચરણરજ લઈ જીવી જતા.

ભગવાનનો અને તેમના ભક્તો કે સંતોનો જેને નિશ્ચય છે તેને એક એવો કેફ મસ્તીનો નશો હોય છે કે તે તેમાં જ તે મસ્ત-આનંદી હોય છે. આવો મસ્તીનો કેફ હતો - મયારામ ભટ્ટ ને કે જે માણાવદરના હતા. તે એકનિષ્ઠ એકાંતિક ભક્ત હતા. તેથી જ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં તમામ ગૃહસ્થ હરિભક્તો વતી તેમનું નામ લખ્યું. અખંડ ત્યાગીને અખંડ ભગવાનના ભજનમાં રહેતા.

ભટ્ટજી એક વેળા ઘોડે બેસીને જતા હશે. રસ્તામાં એક મા-દીકરી મલ્યાં. તેમણે ભટ્ટજીને વાત કરી કે દીકરી બિમાર છે. તો જરા ઘોડે બેસાડો તો સારૂં ! ભટ્ટજી તરત જ નીચે ઉતરી ગયા ને જુવાન દીકરીને ઘોડે બેસાડી ઘોડું દોરતા ચાલ્યા. રસ્તામાં કોઈએ કહ્યું, "તમો ઘરડા છો તે ચાલો છો અને જુવાન બાઈને ઘોડે બેસાડી છે ?" તો પેલી બાઈએ કટાક્ષમાં કહ્યું કે અત્યારે જમાનો જ એવો છે જુવાનને સહુ બેસાડે. ઘરડાંને કોણ બેસાડે ?

ભટ્ટજીને થયું કે પોતે દયા કરી બેસાડી ને તે જ બાઈ કટાક્ષ કરે છે કેવો ઉપકારનો બદલો. પોતે ઉદાસ થઈ ગયા. ત્યારથી મનમાં પાકો નિશ્ચય કર્યો કે ગમે તે સ્ત્રી સાથે કદિ બોલવાનો પણ વહેવાર રાખવાનો નહિ. અને તે નિયમ તેમણે જીવનભર પાળ્યો.

એક વેળા શ્રીજી મહારાજ સંતો-પાર્ષદો હરિભક્તો સાથે માણાવદર પધાર્યા. ગામની ભાગોળે આવ્યા ને જોયું તો બધાં ખેતરો લણાઈ ગયેલ. ને એક જ ખેતર લણ્યા વગરનું ઉભું હતું. તો તેના માટે પૂછયું તો કોઈ હરિભક્તે કહ્યું, "મહારાજ આ ખેતર તો મયારામ ભટ્ટનું છે તે અખંડ ધ્યાન-ભજનમાં રહે છે. તેથી રહી ગયું છે !" શ્રીજી મહારાજે બધાંને કહ્યું, ગામમાં પછી જઈશું. હાલો પહેલા ભટ્ટજીનું ખેતર લણી લઈએ. પછીતો બધા સંતો, પાર્ષદો ને હરિભક્તો એ મળીને આખું ખેતર લણી લીધું. પછી જ બધા ગામમાં ગયા. જે ભગવાનમાં અખંડ જીવે છે તેનું કામ ભગવાન પોતે સંભાળી લેતા હોય છે. ભક્તને અડચણ પણ પડવા દેતા નથી.

ભગવાનના ભક્તો અટલ ટેક ને હિંમતવાળા હોય છે. તેનો દાખલો કે વઢવાણ રાજ્યમાં જમાદારની **નોકરી કરતા એક મુસલમાન કેસરમીયાં હતા.** તે શ્રીજી મહારાજના અનન્ય ભક્ત હતા. કોઈ માથું વાઢી નાખે તો ભલે, પરંતુ સત્સંગ ના મુકે તેવા ભક્ત તે હતા. મહારાજના અંગ રક્ષક તરીકે રહેતા. સભૈયામાં સત્સંગીઓની રક્ષા સદા કરતા. વઢવાણ રાજ્યનો કારભારી ભાણજી મહેતો સ્વામિનારાયણનો દ્વેષી હતો. તેથી તે સદાય કેસરમીયાં ઉપર દ્વેષભાવ રાખતો હતો.

એક વખતે કચેરીમાં કોઈ બ્રાહ્મણ આવ્યો. તેણે મહેતા પાસે દ્વારકાની યાત્રાએ જવું છે. માટે વીસ રૂપિયા માગ્યા. તો ભાણજી મહેતો કેસરમીયાંની હાજરીમાં તે બ્રાહ્મણને કહે કે તને મુઠ્ઠીભરી રૂપિયા આપું.

પરંતુ તું સ્વામિનારાયણને ગાળો દે તો! પેલો બ્રાહ્મણ તો પૈસાના લોભમાં ગાળો બોલવા તૈયાર થયો. ત્યાં જ તરત જ કેસરમીયાં એ હાક મારીને તરવાર મ્યાનમાંથી બહાર કાઢી. "ખબરદાર! જો મારા ઈષ્ટદેવને એક પણ ગાળ બોલીશ તો તારું માથું વાઢી નાંખીશ." બ્રાહ્મણ તો ઢીલો પડી ગયો. પરંતુ ભાણજી ઉશ્કેરવા લાગ્યો.તું તારે ગાળ બોલ, મીયાં તો અમારો નોકર છે. તને કંઈ નહિં કરે. બ્રાહ્મણ તો ગાળ બોલ્યો ને તેવી જ મીયાંની તલવાર બ્રાહ્મણના માથા પર પડી. કારભારીએ મીયાંને નોકરીમાંથી કાઢી મુક્યા. ટેકવાળા મિયાં એ કહ્યું કે તેરી નોકરી જાય જહ્નમેં, મેરા મહારાજ તો હે જન્નત દિલાને વાલે !

કેસરમીયાં મકાન ખાલી કરી સામાનનું ગાડું ભરી ને રાણીની રજા લેવા ગયા. રાણીએ ત્રણ પેઢીના વિશ્વાસુ માણસને રજા ના આપી ને મહેતાને છૂટા કરી દીધાં. આમ ભગવાનને અને ભગવાનના ભક્તનો જ પક્ષ લે તેના વ્યવહારમાં કદી આંચ ન આવે. આવા ભક્તને શ્રીજી મહારાજે પોતાના ગળાની સોનાની ઉત્તરી કાઢીને પહેરાવી દીધી હતી. ને ભેટી પડ્યા હતા. વળી મિયાંએ ભગવાન પાસે વરદાન માંગ્યું કે અમારા ઘરમાં જે મરે તેને તમારે ધામમાં તેડી જવાં. તે શ્રીજી મહારાજે યથા યોગ્ય પાળ્યું.

આવા ભક્તો અંતે અક્ષરધામમાં જ જાય છે. આવા નિષ્ઠાવાળા કેટલાક હરિ-ભક્તો હોય તેમનો દેહ પગથસી ઘસીને પડે, કોઈને જંગલી જનાવર ફાડી ખાય, કોઈને સર્પ કે વીંછી કરડે કે શસ્ત્રો કે અસ્ત્રોથી વાગે કે પડે. કોઈ નદી તળાવ કે દરિયામાં ડૂબી મરે. આમ ગમે તેમ રીતે કદાચ અપમૃત્યુને પામે છતાં ભગવાનના ભક્તની કદિ અવળી ગતિ થતી નથી. એતો ભગવાનના ધામને જ પામે છે. વળી જે ભગવાનનો વિમુખ હોય, પાપી હોય, દુષ્ટ-અસુર હોય તે દેહ સતે સારી પેઠે રહી, હસતો-રમતો, વાતો કરતો કે વૈભવમાં પડેલો હોય,અને ચંદનના લાકડાથી સંસ્કાર યુક્ત બાળવામાં આવે છતાં તે તો નિશ્ચય યમપુરી નરકમાં જ જાય છે. અને ત્યાં નરક યાતના ભોગવે છે.

તેથી જ આ વાત નિશ્ચયવાળા ભક્તોએ ગાંઠ વાળીને દૃઢ માનવી. ને ભગવાનની ભક્તિ કરવીને કરે જવી. તમોને બ્રહ્મ મહોલ જ મલશે. તે જરૂર જ છે. આ સર્વે દૃઢ નિશ્ચયવાળા ભક્તોની વાતો શ્રીજી મહારાજે પોતે નામ દઈ દઈને કરેલ છે. વચનામૃતના પાને પાને સુવર્ણ અક્ષરે લખીને ભક્ત ને સત્સંગી કેવા હોય તેની સમજણ આપણને આપેલ છે. તો તે પ્રમાણે આપણે પણ પાળીને શ્રીજી મહારાજના થઈને રહીએ તો જ ખરા.

પોસ્ટ કરેલા (મેઈલ કરેલા) અંકો પરત આવવા અંગે

દેશ-વિદેશમાં શ્રી સ્વામિનારાયણ માસિકના હજારોની સંખ્યામાં સભ્યો-વાચકો છે. દરમાસની ૧૧ તારીખે અમદાવાદના P.S.O. રેલ્વે સ્ટેશન કાલુપુરથી તમામ અંકો એક જ દિવસે મેઈલ કરવામાં આવે છે. અમદાવાદ સીટી પીનકોડ મુજબ અને ગુજરાતના દરેક જીલ્લાવાર-આઉટ સ્ટેટ-અલગ સોર્ટિંગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. અને વિદેશના અંકો પણ ફેન્કીંગ કરીને તેજ દિવસે પોસ્ટ થાય છે. (ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી) છતાં દર માસે ઘણા સભ્યોના અંકો પોસ્ટ દ્વારા પરત થાય છે. માટે જે સભ્યોએ પોતાનું રહેણાંક - ઘર બદલ્યું હોય તેમણે સભ્ય નંબર સાથે નવું સરનામું કાર્યાલયને ટપાલથી અથવા ફોનથી જણાવવું.

વિદેશના સભ્યોને અંકના પ્રથમ પેજ પર ઈ-મેઈલ નંબર આપેલ છે. તેમાં પોતાના ગ્રાહક નંબર સાથે નવું સરનામું જણાવવું. આપ આ અંગે થોડા નિયમિત થશો તો કાર્યાલયના કામમાં સરળતા રહેશે. અને સંસ્થાને મોંઘુ પોસ્ટેજ વેડફાશે નહીં. અમારુ સૂચન જો આપને યોગ્ય લાગ્યું હોય તો આપ સૌ અમારા માનવંતા સભ્યો આપના પડોશમાં કે આપના સગા સંબંધી-મિત્રોએ રહેણાંક બદલ્યું હોય તો તેઓ જો ભૂલકણા હોય તો આપ પણ થોડું ધ્યાન દઈને મદદરૂપ બનશો. આ આપણા સૌનું સેવાનું કામ છે.

જે સભ્યોના અંક સતત બે થી ત્રણવાર પોસ્ટ દ્વારા પરત થાય છે. તેમના અંકો ડિસ્પેચ (મેઈલ) કરવામાં નહીં આવે.

ખાસ નોંધ : કોઈપણ સભ્યે પોતાના સભ્ય નંબર જણાવશે નહીં તો તેમનું એડ્રેશ ફેરફાર થઈ શકશે નહીં. માટે આપનો લાઈફ મેમ્બર નંબર અચૂક યાદ રાખો.

"મારું મારું કરીને ધન મેળવ્યું રે,
તેમાં તારૂં નથી તલ ભાર, અંતકાળે
સગુ નહિ કોઈનું રે."

"હું અને મારું"

સંકલન
ડૉ. પરેશ ગજ્જર (પેથાપુર)

એક શેઠ હતા, એમને બહુ જ માલ-મિલ્કત, બંગલા, ગાડીઓ અને વાડીઓ તથા પોતાની એક મોટી મિલ હતી. ખૂબ ધનવાન હોવાને નાતે, ધનનો બહુ અહંકાર હતો. આ શેઠ આપણા સંપ્રદાયના આશ્રિત હતા. તેઓ અવાર-નવાર મંદિરમાં દર્શને પણ જતા હતા. અને મોટા મોટા સંતોના આસને પણ સત્સંગ સારૂ બેસતા હતા. સંતોને પોતાનો વૈભવ બતાવવાનો, વિચાર શેઠના મનમાં સ્ફૂરતો ! સંતને પોતાના ઘેર પધારી, પોતાનું ઘર પાવન કરવાની ઈચ્છા વ્યક્ત કરી આમંત્રણ આપ્યું.

જેમ ભગવાનને ભક્ત વધુ પ્રિય હોય છે. તેમ આપણા સંતોમાં પણ હરિજનના કલ્યાણની શુભ ભાવના રહેલી છે. હરિજન નારાજ ન થાય તે સારૂ શિક્ષાપત્રીના આદેશને અનુસરીને સંત શેઠજીના ઘેર પધાર્યા છે. શેઠજીએ એ નવું મકાન બનાવેલું અને લાખો રૂપિયા ખર્ચીને, મકાનને સર્વે સગવડોથી યુક્ત તૈયાર કરેલું. શેઠને વૈભવ બતાવવાના અજીબ શોખના કારણે સંતની પધરામણી થતાં, સંતનું સ્વાગત કરી, પોતાનો વૈભવ બતાવવાની ઘેલછામાં સંતને પોતાના મકાનનો દરવાજો બતાવ્યો. આ દરવાજો એક લાખ રૂપિયાનો થયો. દરવાજો બતાવ્યા પછી, પોતાના બે બેડરૂમ, રસોડું, ડાઈનીંગ રૂમ, ટેબલ સઘળું બતાવ્યું. પોર્ચમાં પડેલી ચાર-ગાડીઓ બતાવી. પછી છેવટે આવા તો ચાર-બંગલા છે. દરેકની કિંમત પચાસ લાખ રૂપિયા ઉપરની થાય ! વધુમાં પોતાને એક મોટી મિલ છે. તેની પણ જાણ કરી. સંતોનો સ્વભાવ સાંભળવાનો, એટલે કંઈ બોલ્યા વગર સાંભળતા જ જાય છે અને ચહેરા પરનો કોઈ ભાવ પણ બદલાતો નથી. શેઠે, છેવટે સંતોને પૂછયું કેમ સ્વામીજી, આ બધું કેવું લાગ્યું ? પણ

**અતિ મોટા પુરૂષને આશરે રે,
બળે પૂર્વ જન્મના પાપ.....**

સંતે કોઈ પ્રત્યુત્તર વાળ્યો નહિ.

બધું જોયા પછી સંતો તથા શેઠ દિવાનખાનામાં સોફા ઉપર બેઠા. રૂમની અંદર, "દુનિયાનો નકશો" દર્શાવતી ચિત્ર પ્રતિમાં લટકાવેલી હતી. સંતે તે ચિત્ર પ્રતિમા તરફ શેઠનું ધ્યાન દોરી શેઠને પૂછયું આમાં ભારત ક્યાં છે ? શેઠે આંગળી મૂકી ભારત બતાવ્યું. સંતોએ બીજો પ્રશ્ન પૂછયો આમા તમો રહો છો એ "અમદાવાદ" ક્યાં છે ? શેઠે તરત જ અમદાવાદ બતાવ્યું. સંતોએ અમદાવાદમાં તમારો બંગલો, મિલ ક્યાં આવેલ છે. તેવું પૂછતા શેઠે ઉત્તર દિશામાં બંગલો અને મિલ દક્ષિણ દિશામાં છે તેમ જણાવ્યું. પછી સંતોએ એક પ્રશ્ન પૂછયો કે શેઠ, આમાં તમે ક્યાં છો ? શેઠ વિચારમાં પડી ગયા. પછી કહ્યું, આમાં હું નથી.


સંતોએ, શેઠને કહ્યું, આ બધામાં જો તમે નથી, તો આ બધું તમારૂં કેવી રીતે કહેવાય ? જેને તમે મારૂ માનો છે તો મારૂ કહેવાવાળો તો આમાં છે જ નહિ. માટે હકીકતમાં તારૂં કંઈ છે જ નહિ.

અજ્ઞાનમાં તમે મારૂ માની લીધું છે એટલે જ્યારે છુટી જાય છે કે છોડવું પડે છે ત્યારે દુઃખનો અનુભવ થાય છે. તમે શેઠ નથી. તમે ધનવાન નથી. તમે ગરીબ નથી. તમે જે છો તે સ્વયંને ભૂલી ગયા છો. એટલે કંઈ ને કંઈ માની લીધું છે. જેના થકી તમે બન્યા છો તે સ્થિર નથી. અને જે સ્થિર છે તેની તમને ખબર નથી. જે છૂટી જાય, જે ખોવાઈ જાય, જે સડી જાય, જે સળગી જાય એ તમે નથી અને એ તારૂ પણ નથી. એવી રીતે આ શરીર, આ દેહ ને પણ મારો માનવાથી, દેહને લગતા કર્મો, બુદ્ધિને લગતા કર્મો, ઈન્દ્રિઓને લગતા કર્મો (પંચવિષયો)ના બંધનમાં પડે છે. પોતે પોતાને ઓળખી લે તો આ બધું તમને પામર લાગશે. જેને તમે મારૂ માનો છો તેની સાથે કેવો અને કેટલો સંબંધ છે તે વિચારી લો, એવી સમજણ કરી

(અનુસંધાન પાનાનં.૧૮ ઉપર)

ભક્તિના તંબૂરથી ટપકતો ભક્તિનો રંગ

-પ્રો. મહાદેવ ઘોરિયાણી (રાજકોટ)



સાચા ભક્તની કથની અને કરણી એક હોય છે. શ્રી ઝવેરચંદ મેઘાણીની માફક કંઠ કહેણી અને પાંડિત્યનો સુભગ સમન્વય ભક્તોમાં ભાગ્યે જ જોવા મળે છે. 'ભક્તોના તંબૂરથી ટપકતો' આ ભક્તિનો રંગ ત્યાગ, તપશ્ચર્યા, પ્રભુભક્તિ, વૈરાગ્ય વગેરેનો દ્યોતક છે. આ રંગ આજે નવલી દુનિયામાં અનેરા અને અનોખા સ્વપ્નોમાં રાચે છે. મુક્તિની યશોગાથામાં આ ભક્તિનો રંગ જીવન સાર્થકતા માને છે. ભક્તકવિઓના ભજનમાં પંક્તિએ પંક્તિએ જ્ઞાન અને વૈરાગ્ય વેરાયેલાં છે, જે હૃદયને રંજિત કરે છે, પુલકિત કરે છે, મનના મોરને નચાવે છે. ભાવની ભરતીમાં દૂર-સુદૂર લઈ જઈ સંતૃપ્ત કરે છે.

ભગવાનને ભજનારા જ્ઞાની ભક્તને ભગવાને ગીતામાં પોતાનો 'આત્મા' કહ્યો છે. ભક્ત જ્યારે નમ્રતા ધારણ કરે છે ત્યારે તેની ભક્તિનો પ્રભાવ અનેકગણો વધી જાયછે. વિશ્વ અને વિભુને વિનમ્ર વ્યક્તિઓ જ વિશેષ વહાલી લાગે છે. નમ્રતા મહાન સિધ્ધિ છે, તેને સઘળું સુસાધ્ય છે. નમ્રતામાં મહાનતા અને અભિમાનમાં અલ્પતા નિરંતર નિવાસ કરે છે. નમસ્કાર કરવા યોગ્યને નમવામાં જ્યાં સુધી નાનપ લાગે ત્યાં સુધી નિર્મળતા અંતરમાં પ્રગટે નહિ. વિનયના આસન વિના જ્ઞાનના બેસણાં ન હોય. વાણી, વિચાર, વર્તન અને વલણ - આ ચાર વિલક્ષણ વ્યક્તિત્વના મહત્વના પાયા છે. એ સતત પરિવર્તનશીલ હોય છે, પણ જે આ ચારેયની એકતા સાધે તે પ્રખર જ્ઞાની મહાત્મા પુરુષ બને છે.

શ્રધ્ધા, શુશ્રુષા અને વિશ્વાસ વિના કોઈ પણ પ્રકારે ભક્તિનું રહસ્ય સમજવું અને અનુભવવું અશક્ય છે. ભક્ત પ્રભુનો પ્રેમી છે, તે એનો દાસ પણ છે. અનેક ભક્તોએ ભારતભૂમિ પર જન્મ લઈને આ ભાતીગળ ભૂમિને અને ભાતીગળ સંસ્કૃતિને ભવ્યતા અર્પી છે. અન્યની આંખમાંથી વહેતાં આંસુઓને લૂછવાનો પ્રયત્ન કરવો એ પણ ભક્તિનો એક પ્રકાર છે. જનસેવા એ જ દેશ સેવા છે, પ્રભુસેવા છે. માનવજીવનનું ચરમ લક્ષ્ય ભગવદ્ પ્રાપ્તિ છે. વિદ્વાનનું ધન છે વિદ્યા, સંસારીનું ધન છે સ્વાર્થ, જ્ઞાનીનું ધન છે જ્ઞાન, કલાકારનું ધન કલા અને ભગવાનના ભક્તનું ધન છે એના ભગવાન. ભગવાનની ભક્તિ કરવા માટે શાસ્ત્રોના અભ્યાસી હોવું જરૂરી નથી, પરંતુ જરૂર છે તન, મનમાંથી ઊભા થતા વિકારોના ત્યાગની.

આ સૃષ્ટિના ઉગમકાળથી જ

માનવજાતિએ અનેક ભક્તોનું સર્જન કરી વસુંધરાને ખોળે ધર્યા છે. સાધુ અને ભક્તો પોતે પ્રજાની સંપત્તિ છે. પોતાનું ભોજન પણ કોઈ માગે તો આપી દેવું એ સાધુ અને ભક્તના સંસ્કાર છે.

"હોઠ પર હરિનામ અને
હાથમાં કામ,
તેવા ભક્તો પર પ્રસન્ન થાય
શ્રી રામ."

જે માનવીને ભક્તિનું વ્યસન થઈ જાય છે, તેનો બેડો પાર થઈ જાય છે. ભક્તિમાં જેને આનંદ મળે છે, તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે. **માગવાનું બંધ થાય અને અર્પણ કરવાનું મન થાય, ત્યારે સમજજો કે, ભક્તિની શરૂઆત થઈ છે.** સંસાર એ શેરડીના સાંઠા જેવો છે. એમાં ડગલે ડગલે દુઃખ કેરી ગાંઠો આવે છે. ભક્તિના આધાર વિના જ્ઞાનીઓ કે પંડિતો પણ ભગવાનને મેળવી શકતા નથી.

જેનું મન શબરીની માફક નિર્મળ હોય છે તેને મળવા પ્રભુ સામેથી આવે છે. ભક્તિનો માર્ગ પલાયનવાદનો માર્ગ નથી, તે સાચા શૂરાનો માર્ગ છે.

"હરિનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જોને."

ભક્તની નિર્ધનતા એ શાપ નથી, પરંતુ ભગવાનની કૃપા જ છે. **શુભ મનોરથ કરવાનું કામ ભક્તનું છે. અને એ પરિપૂર્ણ કરવાનું કામ પ્રભુનું છે.** ભક્ત પ્રભુના જે સ્વરૂપનું ચિંતન કરે છે તેને તે સ્વરૂપે પ્રભુ દર્શન આપે છે. માનવ જીવનનું પરમ લક્ષ્ય ભગવદ્ પ્રાપ્તિ હોવું જોઈએ. માટે ભગવાનનો ભક્ત હોય 'તેણે ભગવાનમાં જ દૃઢ પ્રીતિ રાખવી જોઈએ.

ભગવાનના અનન્ય ભક્તો મુક્તિ નહિ, પરંતુ ભક્તિ માગે છે. "ભક્ત અને ભગવાન એ બંનેને જોડનારી કડી એનું નામભક્તિ." આ છે ભક્તિની પરિભાષા. ભગવાન પોતાના ભક્તને પ્રસન્ન થઈ સ્વરૂપનું દાન કરે છે. ભક્તિ, એ ભક્ત માટે ભગવાનને મેળવવાનું અમોઘ સાધન છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ દ્વારા પ્રભુ પ્રાપ્તિ થાય છે.

ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. ભક્તિનો મહિમા તો અનંતકાળથી ગવાતો આવ્યો છે. જ્ઞાન કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે. સંતોએ આ માર્ગને આરાધ્યો છે. શાસ્ત્રકારોએ 'નવધા ભક્તિ' પર ભાર મૂક્યો છે :

"श्रवणं कीर्तनं विष्णोः स्मरणं
पादसेवनम् ।
वदनं अर्चनं दास्यं, सख्यं
आत्मनिवेदनम् ॥"

આ નવ પ્રકારની ભક્તિ સર્વ સુલભ છે. કેટલાક લોકો એક દસમો પ્રકાર ઉમેરે છે અને તે છે 'પ્રેમલક્ષણા ભક્તિ.' મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ 'ભક્તિ' ની પરિભાષા આ પ્રમાણે કરી છે-

"माहात्म्यज्ञान पूर्वस्तु सुदृढः ।
सर्वतोऽधिक स्नेहो भक्ति प्रोकतः ॥"

તમે જડ- ચેતનમાં ભગવાનને જોતાં શીખો, સર્વાત્મભાવ કેળવો, આત્મ સમર્પણ કરો. "જે હરી લે તે હરિ." ભગવાન સ્વામિનારાયણ શ્રીહરિ કહેવાય છે. કારણ કે તેઓ પોતાનું સ્મરણ કરનાર જીવનાં અનેક જન્મોનાં પાપોને હરી લે છે. ભગવાનની ઉપાસના દ્વારા ઉપાસકની આધ્યાત્મિક ઉન્નતિ અને મુક્તિ થાય છે.

ભગવાન સાથે ભાગીદારી કરો તો ભવની ભીડ ભાંગી જશે. ભગવાનની જે નિષ્કામ ભક્તિ કરે છે, તે સિધ્ધિઓથી પણ શ્રેષ્ઠ ફળ પામે છે. જેણે ભગવાનની ભક્તિનો આનંદ માણ્યો છે, સ્વાદ ચાખ્યો છે, તેને સંસારની કોઈ પણ ચીજનું પછી આકર્ષણ રહેતું નથી.

ભક્તિમાર્ગ એટલે પોતાના અહમ્નું સંપૂર્ણ વિસર્જન કરીને પોતાની જાતનું પોતાના સર્વસ્વનું પ્રભુ ચરણે સંપૂર્ણ સમર્પણ. ભક્તિનો અર્થ - સદાકાળ ભગવાનને આધીન થઈને રહેવું. ભક્તિ કરનારનું હૃદય સ્ફટિક જેવું સ્પષ્ટ અને નીર જેવું નિર્મળ હોવું જોઈએ, તો જ પરમાત્માનો વાસ તેમાં થઈ શકે. જ્ઞાન, ધ્યાન અને સંયમસંગી ભક્તિ એ જ મુક્તિનો (મોક્ષનો) મુદ્રાલેખ છે.

"ભૂતળ ભક્તિ પદારથ મોટું,
બ્રહ્મલોકમાં નાહીં રે."

આ છે નરસિંહ મહેતાની ભક્તિનો વિશેષાંશ !

(પાનાનં.૧૫ નું ચાલું)

લો, પછી મારૂ-તારૂ નહિ રહે. ધન વગેરેનો સંબંધ ખોળિયામાં જીવ હશે ત્યાં સુધીનો છે. સગા-સંબંધીનો કે પરિવારનો સંબંધ પણ સ્મશાન સુધી સિમિત છે. મૃત્યુ આવશે ત્યારે પત્નિ ઘરના ઉંબરા સુધી, દીકરાઓ-સગાવ્હાલા સ્મશાન સુધી વળાવવા આવશે. સાથે કશું જ આવવાનું નથી. ફક્ત સત્કર્મો અને કર્મનો સંગાથ તમારી સાથે સંસ્કારના રૂપમાં આવશે. માટે જ્ઞાનપૂર્વક શુભ ભાવથી સારા કર્મનું આચરણ કર.

"માટે સેવે તું સાચા સંતને રે,
તારા ટળશે ત્રિવિધિના
તાપ..... અંતકાળે
અતિ મોટા પુરૂષને આશરે રે,
બળે પૂર્વ જન્મના પાપ.....
અંતકાળે"

દયાનંદસ્વામીની અમૃતવાણીમાં જણાવ્યા મુજબ મોટા સંતો, મહાપુરુષને શરણે જવું. એ જ સાચા સાક્ષી બનશે. સુખ-દુઃખના દેવાવાળા તે જ છે. તમે ભૂલી જશો પણ જેનો આશરો છે તે કદાપિ નહિ ભૂલે. અને તેજ તમારા છે. અને તેમના થકી જ ધરમરાજા ના હિસાબ-કિતાબ ચોખા થશે. માટે આ બધાની સાથે મારાપણાનો અહમ્-મમત્વ કર્યા સિવાય, ફક્ત વહેવાર પૂરતો જ મારાપણાનો ભાવ રાખ. જેને તમે મારૂ માનો છો તે કાલે બીજા કોઈનું હશે. જ્યારે તમે નહોતા ત્યારે આ બધું હતું. અને જ્યારે તમે નહિ હો ત્યારે પણ આ બધું તો રહેવાનું જ છે. જેમ આપણે બસ કે ગાડીમાં મુસાફરી કરીએ છીએ ત્યારે કહીએ છીએ કે આ બસ મારી છે. આ સીટ મારી છે. પણ આપણે જાણીએ છીએ કે આ બસ કે આ સીટ મારી નથી આપણે તો ફક્ત એક મુસાફર છીએ. અને મુસાફરી પુરતું જ તે મારૂ છે.

"પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે
સ્વામિનારાયણ મળીયા રે ત્યારે."

તારા કોઈ પૂર્વના સત્ કર્મોને કારણે આ માનવદેહ મળ્યો છે. તેનું જતન કર્યા સિવાય "હું ફક્ત આત્મા છું." "અજર અમર, અખંડ અવિનાશી છું. સ્વામિનારાયણ ભગવાન અને તેમના સંતો મળ્યા છે. તો જો દુનિયામાં લુંટવા જેવું કંઈ હોય તો તે ફક્ત "ભગવાન અને તેમના સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્ય અને તેમના થકી દીક્ષા પામેલ સંતો" જ છે. તો તેમનું શરણું લઈ - તેમનો આશરો લઈ જીવન સુધારો. શિક્ષાપત્રીમાં દર્શાવેલ પંચવર્તમાન, ગૃહસ્થોને પાળવાના સાચા ધર્મો અને સ્વામિનારાયણ ભગવાનની અમૃતવાણી રૂપી "વચનામૃત"નું પાન કરી, પરભવનું ભાથું ભરીલો અને વર્તમાનમાં "જડભરત"ની માફક વર્તી ભગવાનની સર્જેલી ત્રિગુણાત્મક માયાથી દૂર રહી, ભગવાન ભજી લો અને જીવન ધન્ય બનાવો.

શેઠને સંતોની આ વાણીનો મર્મ સમજાણો અને સંતોને ચરણે પડી ભગવાનનો દૃઢ આશરો સ્વીકાર્યો.

નિવૃત્તિ માં પ્રવૃત્તિ

સમગ્ર સત્સંગ જાણે છે કે આપણા નિવૃત પ.પૂ. **આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** એ પોતાના નિવૃત્તિકાળ દરમ્યાનનો સંપૂર્ણ સમય પોતાના શુભ મંગળ સંકલ્પ સમા આપણા સંપ્રદાયના અદ્વિતિય આયોજન **'શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ'** (નૂતન નિર્માણાધિન)ના નિર્માણ અને સંચાલનમાંજ વ્યસ્ત રહેશે. આ આયોજન ઝડપથી આગળ વધી રહ્યું છે.

જેથી હવે પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સ્થળ પરની પોતાની ઓફિસમાં બિરાજશે. સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન ત્યાં દર્શન કરવા આવી શકાશે.


શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
ટર્ફ સ્કુલની સામે, એ.ઈ.સી. નારાયણપુરા પાછળ,
નારાયણપુરા અમદાવાદ-૧૩.
ફોન : ૨૭૪૧૯૫૯૭ ● ટેલી-ફેક્સ : ૨૭૪૯૯૫૯૭.

સત્સંગ સુરભિ : "કચરામાં કુંદન નો વાસ !"

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

ગામ કંથકોટમાં કચરા ભગત રહે. વાગડ વિસ્તારમાં પહાડ પર વસેલું આ એક નાનકડું ગામ. ભગત અને એમનાં પત્ની બંને જણ શાકભાજી વેચવાનો ધંધો કરે. બકાલું વેચતાં વેચતાં જે કાંઈ મળે તેમાથી ચોખ્ખો ધર્માદો કાઢીને બાકી રહે તેમાંથી પોતાનું ગુજરાન ચલાવે. વ્યવહારે ભલે દુર્બળ પરંતુ શ્રીહરિ પ્રત્યેની શ્રધ્ધા અને દૃઢતામાં બંન્ને પૂરેપુરા શુરવીર.

એક દિવસ શ્રીજી મહારાજ આધોઈ થી બારોબાર કંથકોટ પધાર્યા. પોતાના ભક્ત કચરાની ભાળ લેવા ભગવાન પહાડ ચડીને ઉપર પહોંચ્યા. સવારનો સમય કોઈને ય કહ્યાં વગર પ્રભુ એકલા જ આવ્યા.



પોતાનાં આંગણે સ્વયં પ્રભુને પધારેલા જોઈ કચરા ભગત તો રાજી રાજી થઈ ગયા. મહારાજને ઢોલિયા ઢળાવી બિરાજમાન કર્યા. અને દંડવત્ પ્રણામ કર્યા.

મહારાજ કહે, "દંડવત્ રહેવા દો. અમને ખૂબ ભૂખ લાગી છે." સાચા ભક્ત ને ઘેર જ્યારે ભગવાન પધારે ત્યારે ભગવાનને ભૂખ ઉઘડે છે !

કચરા ભગત કહે, "પણ મહારાજ, એક તકલીફ છે. અમારાં ઘરવાળા પિયર ગયાં છે. ઘરમાં હું એકલો જ છું અને અત્યારે માણસો બધા શાક લેવા આવે છે. જો હું તમારા માટે રોટલો બનાવું તો બધા ઘરાકો પાછા જાય. અમારે તો મહારાજ રોજ નું રળવાનું ને રોજનું ખાવાનું. ઘરાકો બધા પાછા જાય તો પછી ખાઈએ શું ?"

કેવો ભોળો ભક્ત ! પોતની પરિસ્થિતિ સહજ ભાવે મહારાજને કહી દીધી.

મહારાજ મંદ મંદ હસ્યા. પ્રભુ કહે, "એમ કરો, તમે રોટલો બનાવો અને અમે શાક વેચવા બેસીએ !"

ભગવાનને તો રસોઈ બનાવતાં આવડતી હતી પરંતુ એમને તો ભક્તના હાથનું જ બહું ભાવે છે. પોતાના પ્રેમી જે ભક્તજન તેમને લાડ લડાવવાં સારું તો અનંતકોટિ બ્રહ્માંડનો અધિપતિ આજે સોંધો બનીને ઘેર ઘેર વિચરણ કરી રહ્યો હતો !

કચરા ભગત ઘડીભર વિચાર કરવા લાગ્યા. એમને બીજો વાંધો નહોતો પણ એક બીક લાગી. મહારાજ તો બહુ દયાળું છે, બહુ ઉદાર છે. જો શાક વેચવા બેસે અને કોઈ શાક લેવા આવે તો એની થેલીમાં આખો ટોપલો જ પધરાવી દે. તો મારે તો ઘણું નુકશાન થાય ને ?"

પણ ભગવાને કીધું એટલે ના તો પડાય નહિ. ભગવાન, ભોળા ભક્તના મનનાં આવા ઘાટ સંકલ્પ જાણી વધારે હસ્યા.

મહારાજ તો ઓટલે શાક વેચવા

બેઠા. આ બાજુ ભક્ત રસોડામાં રોટલો ઘડે પણ મન તો બહાર મહારાજમાં રખેને કોઈ શાક લેવા આવે ને મહારાજ વધુ આપી દેશે તો ?''

કચરા ભગતની ચિત્તવૃત્તિ જાણે મહારાજ શું કરે છે એ જોવાં જ સ્થિર થઈ થઈ.

આ બાજુ કોઈ બહેન શાક લેવા આવી. મહારાજે છાબડાં તૈયાર કર્યા. એકબાજુ બશેર વજન મુક્યું. બીજી બાજું વંતાક મૂક્યાં. અને ત્રાજવું ઊચું કર્યું. શાકની બાજુ જરા નમતી દેખાણી એટલે મહારાજે રીંગણું બદલી એક નાનું રીંગણ મૂક્યું ! એક સરખો કાંટો જ્યારે આવ્યો એટલે મહારાજ કહે, ''લ્યો, આ બશેર રીંગણા. શાક લેવા વાળી બાઈ કહે, ''કોણ છો તમે ?'' આ તે કાંઈ સોનું જોખવા બેઠા છો ? ભગત તો કાયમ થોડું વધારે આપે છે. તમે છો કોણ ?'' શ્રીજી મહારાજ કહે, ''અમે ગમે તે છીએ, તમારે લેવું હોય તો લો, નહિ તો જાઓ. આ કંઈ મફત નથી આવતું. ઠેઠ આધોઈ થી પહાડ ચડાવીને લાવીએ છીએ. ઘોડાનું ભાડું પણ ચૂકવવું પડે છે.

ભગતે આ સંવાદ સાંભળ્યો. ભગતને થયું હા.....શ.... મહારાજ કોઈનેય એક ફોડવું પણ વધારે નહિ આપે. ભગવાનને તો બધું ફાવે. ઉદાર થતાંય આવડે ને કંજુસ બનતા પણ આવડે. છેવટે તો આ બધું ભક્ત માટે હતું ને ?

કચરા ભગતે સુંદર મજાનો રોટલો, રીંગણનું શાક અને ગરમ શીરો તૈયાર કર્યા અને મહારાજને થાળ ધરાવ્યો. મહારાજ પ્રેમથી આ ગરીબ ભક્તનાં હાથની રસોઈ જમ્યા. જમતાં જમતાં મહારાજ કહે, ''હે ભગત ! બહું દહાડા તમે દુઃખી થયા. તમારું દુઃખ દૂર કરવા જ અમે આજે આવ્યા છીએ. બસ આજે જ આ ઘર ખાલી કરી, ઉચાળા ભરી આધોઈ જતા રહો. ત્યાં સુખી થશો. મહારાજ આશીર્વાદ નો બોલ બોલ્યા.

ભગત કહે ''બહુ સારું મહારાજ, તમે કહેશો તેમ જ કરીશું.''

મહારાજે પ્રસાદીનો વધેલો થાળ ભક્તને આપ્યો. ચળુ કરીને મહારાજ વિદાય થયા. દૂર દૂર સુધી મહારાજનું છોગલું દેખાતું બંધ થયું ત્યાં સુધી કચરા ભગત એકીટસે શ્રીહરિને નિરખી રહ્યા.

ભગવાનની આજ્ઞા થઈ એટલે સાંજે ઘરવાળા આવ્યા ને બીજા જ દિવસે ઘરવખરી લઈને આધોઈ ગામ ઉપડી ગયા. કશો જ સંશય મનમાં થયો નહિ. બસ, મહારાજે કીધું છે. એટલે કરવાનું છે.

આધોઈમાં ભગતનો શાકભાજીનો વેપાર ખૂબ ફૂલ્યો ફાલ્યો. અને મહારાજના આશીર્વાદ થી ભગત પછી તો ખૂબ સુખી થયા.

આજે પણ કચરા ભગતનો પરિવાર ત્યાં છે, ભક્ત કુટુંબ છે, સારા સત્સંગી છે. સૌ સુખી છે.

મહારાજ જેમ કહે તેમ કરીએ તો સુખ હાથવેંતમાં જ હોય છે. પણ જો મહારાજના બોલ ને બુદ્ધિના તર્ક-વિતર્ક થી તોલવા જઈએ તો પછી મહારાજ કહે છે તેમ ''તમારે ને અમારે કોઈ લેણાં-દેણાં નથી. આ તો જે સાચો થઈને મન અર્પે એનાં માટે જ આ બધું છે.

નામ ભલે કચરા ભગત હતું પરંતુ એ જ કચરાનાં હૃદયમાં શ્રીહરિ પ્રત્યેની અસીમ શ્રધ્ધા અને નિષ્ઠાનું કુંદન સદાયને માટે ચમકતું રહ્યું.

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન અમદાવાદની માલિકીનું

શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા

પ્રવેશ અંગે

અમદાવાદ મંદિર તરફથી આપણા આચાર્ય મહારાજશ્રીનું જુનું નિવાસ સ્થાન શ્રીજી મહારાજના ચરણારવિંદથી અંકિત પ્રસાદીની ભૂમિ સ્વામિનારાયણ વાડી અસારવામાં ચાલતાં ગુરુકુળમાં ધો. ૧ થી ૧૦ સુધી આપણી જ શાળામાં અભ્યાસ માટે પ્રવેશ આપવામાં આવે છે. અને ધો. ૧ થી ૧૦ સુધીની રહેવા જમવાની સુંદર વ્યવસ્થા સાથે નિવાસની સગવડ છે. જ્યાં સંસ્કાર સાથે શ્રેષ્ઠ શિક્ષણ આપવામાં આવે છે. જેથી S.S.C. બોર્ડની પરીક્ષામાં બાળકો ખૂબ સારી રીતે ઉંચા ટકા લાવીને પાસ થાય છે. ટકાવારીના મેરીટ પ્રમાણે સૌને પોસાય તેવી ફી લઈને પ્રવેશ મળે છે. વહેલાંસર આપ આપના બાળકોને પ્રવેશ અપાવી શકો છો. લી. સંચાલક

શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા, અમદાવાદ-૧૬.

મહારાજ સૌ બાળકોના

- સાધુ પ્રિયવ્રતદાસજી (અમદાવાદ)

શ્રીજી મહારાજ અને બાળકો એટલે, એક અલગ જ વિશ્વ, અલગ જ દુનિયા ! સાક્ષાત્ પરમાત્મા શ્રીજી મહારાજ અને નિર્દોષતાના પ્રતિક સમા બાળકોના ભાવવાહી પ્રસંગો માણવા એટલે આનંદ સાથે પ્રેરણા, જિજ્ઞાસાની પૂર્તિ સાથે સંસ્કાર, સ્નેહ સાથે કાળજી અને ભક્તિ સાથે સત્સંગ પામવાનો એક દિવ્ય અનુભવ.

ગઢડાનો રાવળ જાતિનો એક બાળક હતો. તે ઘણીવાર શ્રીજી મહારાજ પાસે પોતાની ગાનકલા રજુ કરે. બાળક નાનો પણ ગાય સુંદર ! શ્રીજી મહારાજ પણ તેના અવાર-નવાર વખાણ કરે. અને રાજી થઈને સુંદર ભેટ આપે.

એક વાર શ્રીજી મહારાજ કહે, "આજે કાંઈ મળવાનું નથી." બાળક તો બે હાથ જોડી બોલ્યો, **'મહારાજ, મારે કાંઈ જોઈતું નથી. હું તો બસ તમારી પ્રસન્નતા માટે ગાઉં છું. આપ રાજી થાવ તે જ મારી ભેટ.**

શ્રીજી મહારાજ બાળકની સમજણથી ખૂબ રાજી થઈ ગયા અને તે બાળકને પોતાનું જરિયાની વસ્ત્ર ભેટ આપી દીધું. જે કોઈને ન મળે તે આ બાળકને મળ્યું ?

એકવાર શ્રીજી મહારાજ અને કાઠી દરબારો ઘોડસવારી કરતાં રોજકા ગામના પાદરે આવી પહોંચ્યા. પાદર એટલે ગામની શરૂઆતનો ભાગ. ત્યાં કેટલાક નાના બાળકો રમતા હતા. તેમણે શ્રીજી મહારાજ અને બીજા ઘોડેસવારોને જોયા. સૌએ રમત બંધ કરી અને મહારાજ પાસે દોડી આવ્યા. સૌ બોલતા જાય, 'એ સંત આવ્યા, બાવાજી આવ્યા.'

શ્રીજી મહારાજ તો બાળકોને જોઈ ખૂબ રાજી થઈ ગયા. સૌને ઈશારો કરીને સાવ નજીક બોલાવ્યા અને કહ્યું. "આવો એક વાર્તા સાંભળીએ." એમ બોલીને એક સુંદર વાર્તા કહેવા લાગ્યા. બાળકોનું મંડળ શ્રીજી મહારાજને વીંટળાઈ વળ્યું. અને તલ્લીન થઈને વાર્તા સાંભળતા જ જાય. પછી તો શ્રીજી મહારાજે બાળકોને રસ પડે અને જાણવા મળે તેવી સુંદર મજાની વાર્તા કરીને તેમને સત્સંગનો મહિમા સમજાવ્યો.

છેલ્લે શ્રીજી મહારાજે પૂછ્યું, 'ડુંગળી-લસણ વગરનો આહાર લેવાનો નિયમ કોણ લેશે ?'

ત્યારે દેવાયત ગઢવીનો પુત્ર તૈયાર થયો. શ્રીજીમહારાજ તેના પર ખૂબ રાજી થયા. શ્રીજી મહારાજને રાજી થયેલા જોઈ,. બધાજ બાળકોએ તિલક ચાંદલા વગેરેના નિયમો લીધા.

શ્રીજીમહારાજ લોયામાં બિરાજમાન હતા. સુરાખાચર અને બીજા ભક્તો સાથે સત્સંગની વાતો ચાલતી હતી. એવામાં સુરખાચરના આઠેક વર્ષના પુત્રી વલુબા સંતોની નકલ કરતાં બોલ્યા, 'જય સચ્ચિદાનંદ.'

આ સાંભળીને શ્રીજી મહારાજે પૂછ્યું, "આ કોણ બોલ્યું ?"

વલુબા દોડતાં આવ્યાને કહ્યું, 'એ તો મેં બૂમ પાડી હતી.'

'તે તમે તમે 'જય સચ્ચિદાનંદ' કેમ બોલો છો ?'

'મને ભૂખ લાગે છે ત્યારે હું આવી રીતે બોલીને રોટલો માગું છું. શ્રીજી મહારાજના સંતો 'જય સચ્ચિદાનંદ' બોલીને ભિક્ષા માંગતા.'

સંતોની જેવી રીત કરતાં જોઈને શ્રીજી મહારાજ વલુબા પર ખૂબ રાજી થયા. અને **જાતે ઊભા થઈ કોઠલામાંથી રોટલો અને દહીં કાઢી વલુબાને આપ્યાં. વલુબા તો રાજીના રેડ થઈ ગયા.** વલુબાનાં માતા શાંતિબા મહારાજની બાળકો પ્રત્યેની મમતા જોઈને ગદ્‌ગદ્ થઈ ગયા.

એવી જ રીતે એકવાર, શ્રીજી મહારાજ કાઢી દરબારો સાથે સારંગપુરથી કુંડળ આવતા હતા. ઘોડાનાં ડાબલાંનો અવાજ અને કાઠી દરબારોને જોઈ દૂર સીમમાં બોર વીણતી કેટલીક સ્ત્રીઓ લૂંટારાઓ આવ્યા એમ સમજી ભાગી ગઈ. પણ એક નાનકડી બાળા અમરબા રહી ગઈ. તે ભયથી કાંપતી હતી.

શ્રીજી મહારાજ તેને કાંપતી જોઈને

(અનુસંધાન પાનાનં.૨૫ ઉપર)

વિદ્યાર્થીઓનું વેકેશન

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

વ્હાલા વિદ્યાર્થી મિત્રો આ અંક આપના હાથમાં આવશે એટલે આપ સૌને વેકેશન ચાલતુ હશે. ઉનાળાની કાળઝાળ ગરમી પડતી હશે. વેકેશન પડે એટલે એક અઠવાડિયું તો અનહદ આનંદ આવે કે હાશ ! છૂટ્યા !! કેટલાય દિવસથી પરીક્ષાનું ટેન્શન હતું, ઉજાગરા કરતા હતા. હવે મુક્ત થયા !!! વેકેશનનું પહેલુ અઠવાડીયું તો ખૂબ આરામ કરી લીધો. સવારે પણ ખૂબ મોડા ઉઠ્યા. મિત્રો સાથે થોડું બહાર ફરી આવ્યા.

શું આખું વેકેશન આવી રીતે પસાર કરી દઈશુ ? ના, ના !! જો, જો, વિચાર જો, વ્યર્થ કાળ નિર્ગમન થઈ જશે ! ઘનશ્યામ મહારાજ રાજી નહીં થાય ! પ.પૂ. લાલજી મહારાજશ્રી રાજી નહીં થાય ! અરે, તમારા માતા પિતા પણ રાજી નહીં થાય ! બહુ મોટી ખોટનો ધંધો થશે !!! જેના ગળામાં ભગવાનની શરણાગતિની બેવડી કંઠી નથી હોતી, કપાળમાં ભગવાનનું ચિન્હ તિલક ચાંદલો નથી હોતો, મુખમાં ભગવાનું નામ નથી હોતું એવા અપશુકનિયાળ ફિલ્મી કલાકારો સ્ત્રી પુરુષો ભેગા થઈને, બિભત્સ ચેનચાળા કરીને, જેમાં સ્ત્રીઓ એ અડધા વસ્ત્રો પહેર્યા હોય છે. નાચ ગાન કરતા હોય છે. ગાન કરવામાં ક્યાંય પરમાત્માનું નામ હોય છે ? સાંસારિક વિષય ભોગના કાવ્યો હોય છે. આ બધું સતત જોવાથી તમારું મન વિકૃત બનશે. સતત મારા-મારીના દ્રશ્ય જોવાથી તમારું મન પણ આવેશમાં આવશે. સ્વભાવમાં ચિડીયાપણું આવશે. ઘરમાં આખો દિવસ ઘોંઘાટ થશે. તમારો નિત્યક્રમ તૂટી જશે. મંદિર ભૂલાઈ જશે, માતાપિતાની સેવા ભૂલાય જશે. ફિલ્મી કલાકારો તો લાજ મર્યાદા નેવે મૂકીને નાચગાન કરીને, ધર્મ મર્યાદાનો ભંગ કરીને રૂપિયા ભેગા કરે છે. પરંતુ તેની સામે આખો દિવસ બેસીને તમે શું મેળવ્યું ? અમૂલ્ય સમયની બરબાદી ! પૈસાની બરબાદી ! ટી.વી. ઈલે. પાવર વિના તો ચાલતું નથી ને ! સતત ટી.વી. જોવાથી આંખોના ચશ્માના નંબર પણ કદાચ વધી જતા હશે !!

માટે ચેતો ! વેકેશનમાં પણ વહેલા ઉઠીને નાહી ધોઈ પવિત્ર થઈને પૂજા પાઠ કરો. આપણા મંદિરોમાં નિયમિત દર્શને જાઓ. દેવ દર્શન કરીને સાચા સંતોનો સમાગમ કરો. બાળમંડળની સભાઓમાં અવશ્ય હાજરી આપો. માતા-પિતાને વંદન કરી તેઓના કામકાજમાં ભળી, તેઓની સેવા કરી, તેઓના આશીર્વાદ પ્રાપ્ત કરો. મમ્મી પાસેથી રસોઈ શીખો. રસોઈ આવડતી હશે, તો ભવિષ્યમાં ખૂબ કામમાં આવશે તે ખ્યાલ રાખશો. શાસ્ત્રોનો અભ્યાસ કરો, મહારાજના કીર્તન કંઠસ્થ કરો. કંઠસ્થ કરેલા કીર્તનો મંદિરમાં મહારાજની મૂર્તિ સમક્ષ ઉચ્ચ સ્વરે બોલો અગર સભામાં તક મળે તો સભામાં કીર્તન બોલી સૌ ભક્તજનોને રાજી કરો. આપણાં ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજે છપૈયા તથા અયોધ્યામાં રહીને અદ્‌ભૂત બાળચરિત્રો કર્યા છે. તે બાળ ચરિત્રોનું પુસ્તક વાંચો. તે બાળ ચરિત્રોનું પુસ્તક વાંચશો એટલે તમને એમ થશે, અહો ! ઘનશ્યામ મહારાજના બાળ ચરિત્રોમાં તો કેટલું સુખ આવે છે !!! આ સુખની આગળ તો પેલા કાળા ડગલા (ટી.વી.)નું સુખ ઝાંઝવાના મિથ્યા જળ જેવું છે.

ઘનશ્યામ મહારાજ છપૈયામાં નારાયણ સરોવર, ખાંપા તલાવડી, મીન સાગર, ગૌ-ઘાટ, વિશ્વામિત્રી નદી, મખોડાઘાટ વગેરે અનેક પવિત્ર સ્થળોએ ફરતા તથા અયોધ્યામાં રામઘાટ, સ્વર્ગદેરી, લક્ષ્મણજી મંદિર, નાગેશ્વર મહાદેવ, કનક ભૂવન, રત્ન સિંહાસન, રામમહોલ, જન્મ સ્થાનક, કોપ ભવન, રંગ મહોલ તથા રામકોટ, હનુમાનગઢી, મણિરત્ન પર્વત, વિદ્યાકુંડ, સીતાકુંડ, સૂર્યકુંડ, ભટેશ્વર મહાદેવ તથા સરયુગંગાએ આદિક સ્થળોએ દર્શને જતાં, સ્વયં ભગવાન હોવા છતાં ! આપણાં સૌના આચરણ માટે ! પોતાના પિતા ધર્મદેવ પાસે વેદ, પુરાણ, જ્યોતિષ ઈતિહાસએ આદિક ચૌદ વિદ્યાઓ તથા ચોસઠ કલાઓ ભણતા. જો કે ઘનશ્યામ મહારાજે તો એ બધું સત્તર દિવસ માં જ છપૈયા હતા ત્યારે જ શીખી લીધેલું. તમે પણ ઘનશ્યામ મહારાજના પ્રતાપથી-કૃપાથી આ બધું શીખી શકો.

ઉપરાંત સમયને અનુરુપ કોમ્પ્યુટર તથા અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવી શકો ! આ બધું વેકેશનમાં જ થઈ શકે, સ્કુલ-કોલેજ ચાલુ થઈ જાય પછી સમય ન મળે.

અમદાવાદ કાલુપુર મંદિરની ફરતા કેટલા પ્રસાદીના સ્થળો છે ! આખું મંદિર પ્રસાદીનું ! ઉપરાંત નવો વાસ, નારાયણઘાટ, દધિચીનો આરો, ભીમનાથ મંદિર તથા આરો, ચન્દ્રભાગા અને સાબરમતીના સંગમ પર આવેલું દુધેશ્વર મહાદેવનું મંદિર, દરિયાવખાનનો ઘુમ્મટ, કાંકરિયા, કાંકરિયા રામબાગ, બાલ સ્વરૂપ હનુમાનજી તથા સ્વામિનારાયણ મંદિર, ખોખરા મહેમદાવાદ, ભદ્રનો કિલ્લો, રામજી મંદિરની પોળમાં આવેલું રામજી મંદિર, ગણેશબારી પાસે દક્ષિણીના મંદિરમાં શ્વેતકૃષ્ણ, રાયપુર દરવાજે રામાનંદ સ્વામીએ બંધાવેલું મંદિર તથા મોરલીધરનું મંદિર, મહાલક્ષ્મીની પોળમાં મહાલક્ષ્મીનું મંદિર, પખાલીની પોળના નાકે હનુમાનજીનું મંદિર, ગોમતીપુરમાં વૈરાગીનું મંદિર, સારંગપુર દરવાજે નૃસિંહજીનું મંદિર કેમ્પના હનુમાનજી, કેમ્પના સામે કોટેશ્વર મહાદેવ, જેતલપુર આખું મંદિર, દેવ સરોવર, વાડી, ગામ, અસલાલી, કણભા, વહેલાલ વગેરે પ્રસાદીના સ્થળોએ વેકેશનમાં ફરી શકો.

તેવી જ રીતે વડતાલ મંદિર, ગઢડા, જૂનાગઢ, ભૂજ, મૂળી, ધોળકા, ધોલેરા, છપૈયા તથા તે મંદિરોની આજુબાજુ અપાર પ્રસાદીના સ્થળોએ જેને જ્યાં નજીક પડતું હોય ત્યાં દર્શન કરવા જાય તો પણ અપાર આનંદ આવે, શાશ્વત શાંતિની અનુભૂતિ થાય. વેકેશન યાદગાર બની જાય ! પ્રસાદીની નદીઓ સરોવરોમાં સ્નાન કરો. તીર્થયાત્રા કરો, તીર્થોમાં રહેલા પવિત્ર સંતોનો સમાગમ કરો. પ્રસાદીના પ્રાકૃતિક આધ્યાત્મિક સમૃદ્ધિથી ભરપૂર બગીચાઓમાં બેસો તો વેકેશનમાં મેળવેલો નિર્દોષ સાત્વિક આનંદનો કેફ આખું વરસ રહ્યાં કરે ! વડતાલનો જ્ઞાનબાગ આધ્યાત્મિક-પ્રાકૃતિક સૌંદર્યથી કેટલો ભરપૂર છે ! સમગ્ર વડતાલ વૈકુંઠધામ તુલ્ય, અમદાવાદ બદરીધામ તુલ્ય તથા જેતલપુર વૃન્દાવનથી અધિક અને ગઢડા અક્ષરધામ તુલ્ય આપણાં શાસ્ત્રો વર્ણવે છે. બોલો, સમય ક્યાં પસાર કરવો એવો પ્રશ્ન રહ્યો ?

વેકેશનમાં આગામી શૈક્ષણિક વર્ષની પણ તૈયારી કરી શકાય. વિદ્યાર્થી અવસ્થા એ બ્રહ્મચર્યાશ્રમ છે. માટે વિદ્યા મેળવવી હોય એવા વિદ્યાર્થીએ ગુરૂની સેવા કરવી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની સેવા કરવી, બ્રહ્મચર્યનું પાલન કરવું, જિતેન્દ્રિય બનીને વિદ્યા ભણવી, જ્ઞાન, સત્ય, લજ્જા, ધૈર્ય, તપ, શમ અને દમ એ આદિક ગુણો જીવનમાં ઉતારવા અનેં કામ, ક્રોધ, શોક, મોહ એ આદિક દોષ છે તેનો ત્યાગ કરવો. ગુરુ આદિક વડીલોને નમસ્કાર કરતો હોય, વૃદ્ધોની સેવામાં પ્રેમ રાખતો હોય એવા વિદ્યાર્થીના આયુષ્ય, બળ, યશ, અને બુદ્ધિ વધતાં જાય છે. જુગાર, પુસ્તકની શુશ્રુષા, બગીચામાં ફરવાની ટેવ, સ્ત્રીમાં આસક્તિ, આળસ, નિંદ્રા અને બહુ મિત્રો અને હાલના સમય મુજબ ફેશન, વ્યસન વિદ્યાભ્યાસમાં વિઘ્ન કરે છે. વિદ્યાર્થીઓએ કુસંગ નો ત્યાગ કરવો, નૃત્યગીત (પીકચર) જોવા જવુ નહીં, અસત્ય બોલવું નહીં. ખાટલામાં સૂવુ નહીં. ગાડામાં કૃષિ કર્મ તથા પશુ પાલન કરનારા ખેડૂતોના પુત્રો વિદ્યાર્થીઓ હોય તો વેકેશનમાં પોતાના પાલતું પશુઓને પાણી પીવડાવે, ઘાસચારો આપે, પોતાની મમ્મીને અન્ય ઘરકામમાં મદદ કરાવે, તેવી રીતે પોતાના માતાપિતાને થોડો આરામ આપે તેથી પોતાના માતાપિતા તેમજ આપણા ઈષ્ટદેવ રાજી થાય છે અને આશીર્વાદ આપે છે.

હાથમાંથી સરકી ગયેલો સમય ફરી પાછો મળતો નથી. માટે સમયનો સદુપયોગ કરતા શીખવું, પરંતુ વ્યર્થ કાળ નિર્ગમવો નહીં.

જિંદગી જબ તક રહેગી, ફુરસદ ન
હોગી કામ સે,
કુછ તો ઐસા સમય નિકાલો, કે
પ્રેમ હો જાયે રામ સે.

આ કાવ્ય પંક્તિ મનુષ્ય માત્ર માટે છે, વિદ્યાર્થીઓને વેકેશનમાં વિશેષ ફુરસદ મળે છે, તો તેનો દરેક પ્રકારે સદુપયોગ કરી, ઘનશ્યામ મહારાજમાં અધિક પ્રેમ થાય, ઘનશ્યામ મહારાજ તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી આવા વિદ્યાર્થીઓ ઉપર ખૂબ રાજી થાય એવી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના.

અક્ષરધામ વર્ણન

- પ્રભુદાસ ભાયાભાઈ મીસ્ત્રી

વ્હાલા હરિભકતોં- આપણે સર્વોપરિ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતો છીએ. આપણે દરરોજ ભગવાનનું ભજન સ્મરણ કરીએ છીએ. તો તે શા માટે ? આપણ ને ભગવાન પોતાનું અક્ષરધામ આપે. તો આપણે જ્યાં જવું છે તેનું ચિંતન મનન કર્યા જ કરવું જોઈએ. કેમ કે આપણે ગમે ત્યાં જઈએ છીએ. પણ પાછા ઘેર આવીને જ વિરામ પામીએ છીએ. તો ત્યાં જવા માટે સારંગપુર ૧૧ મું વચનામૃત નૃસિંહાનંદ સ્વામીનો પ્રશ્ન અવશ્ય વાંચવો જોઈએ. તો હવે મૂળ વાત ઉપર આવીએ તો તે અક્ષરધામ કેવું છે અને ત્યાં ભગવાન કેવી રીતે બિરાજમાન છે. તે અવશ્ય જાણવું જરૂરી છે. તો તેનું ધ્યાન પૂજામાં અવશ્ય કરવું જરૂરી છે. જેનું વર્ણન પરમ પૂજય આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે હરિલીલામૃત કળશ-૨, વિશ્રામ-૧૧ માં કરેલુ છે. તેનું અનુસંધાન નીચે મુજબ છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રી ઘનશ્યામ સ્વરૂપે નાના હતા ત્યારે ભક્તિમાતાને દરેક ધામો, વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ, ફેરવી અકળ અક્ષરધામમાં લાવે છે. જેટલા ધામ દીઠા તેથી શોભા અક્ષરધામમાં અતિ અપાર દીઠી. જ્યાં કોટાનું કોટિ, સૂર્ય, ચંદ્ર તણો પ્રકાશ છે. પ્રકાશ કેવો છે ? શિતલ પ્રકાશ છે. આંખને કે શરીર ને ગરમી બિલકુલ લાગતી નથી. જ્યાં કાળ માયા કદી જઈ શકતા નથી. જ્યાં કામ, ક્રોધ,લોભ કદી જણાતા નથી, જ્યાં વિકાર રહિત આનંદયુક્ત ગુણ વર્તે છે. અનંત મુક્તો પણ ત્યાં રહે છે. જ્યાં જ્યોતિ સ્વરૂપ ચિન્મય સર્વે ચીજો છે. જ્યાં પૃથ્વી નથી, પવન નથી, અગ્નિ નથી, જળ નથી, સૂર્ય નથી, ચંદ્ર નથી, ધન નથી, જ્યાં દંપતિ નથી,જ્યાં પુત્ર નથી, માતા નથી, પિતા નથી, જ્યાં કર્મના લેખ કદી વિધાતા લખતી નથી. જેનું પૂર્ણ વર્ણન કરી શકાય તેટલા શબ્દો નથી. જ્યાં શ્રુતિ કદી પાર પામી શકતી નથી. જેને નિગમ (વેદ) નેતિ નેતિ કહે છે. જ્યાં

અક્ષરધામનું તથા સિંહાસનનું વર્ણન

ધામને મધ્યે મંદિર છે. ૧૬ દરવાજા તેને લાગેલા છે. ચૈતન્યમય મણિના અસંખ્ય થાંભલાઓ છે. મોતીના તોરણો બાંધેલા છે. તેના મધ્યે ભગવાનનું સિંહાસન રત્ન જડિત મણિયોવાળુ લાગેલું છે. પુષ્પની વૃષ્ટિ થયા કરે છે. મંદમંદ સુગંધી વાયુઓ વાય છે. સિંહાસનમાં ગાદી છે. તેનું મૂલ્ય કોઈ આંકી શકે જ નહિ. જેના ઉપર ભગવાન બિરાજમાન છે.મુક્તો ચમર ઢોળે છે. અનેક મુક્તો હાથ જોડી ઉભા છે. કોઈ નૃત્ય કરે છે. કોઈ કીર્તન ગાય છે. કોઈ સ્તુતિ કરે છે. કોઈ પ્રભુના ૧૬ ચિન્હો નિહાળે છે. જાત જાતની સેવાઓ મુક્તો કરે છે. ભગવાને અલંકારો વિવિધ પહેર્યા છે. કંઠમાં કૌત્સુભ મણીનો હાર પહેર્યો છે. નંગ જડેલ સોનાના બાજુ બંધ પહેર્યા છે. કાંડે સોનાના કડા પહેર્યા છે. દસે આંગળીયોમાં વેઢ પહેર્યા છે. પગમાં સોનાના તોડા પહેર્યા છે. કમળ સમાન નેત્રો છે. કેસરનું તિલક કર્યું છે. ચંદ્ર સરીખો કુમકુમનો ચાંદલો કર્યો છે. મયુર મુકુટ ધાર્યો છે. કાનમાં કુંડળ ધાર્યા છે. કોટાનું કોટિ રવી શશી જેટલુ તેજ નીકળે છે. કમળ માં મણિજડિત મેખલા ધારી છે. ચોવીશ અવતારો મૂર્તિમાંથી પ્રગટ થઈને લીન થાય છે. ચાર વેદો મૂર્તિમાન હાજર છે. તેમના ગુણાનુવાદ ગાય છે. અપાર સમૃધ્ધિ અક્ષરધામની જોઈ માતુશ્રી ભક્તિ માતા આશ્ચર્ય પામ્યા છે. સમાધિ ઉતરી છે. તો પુત્ર પોતા પાસે જોયા છે. પછી પ્રિત ખૂબજ વધી છે. ધર્મદેવને ભક્તિમાતા બધા ધામો તથા દિવ્ય અક્ષરધામ જોયું તેનું વર્ણન કરે છે. પ્રભુના ગુણનો કોઈ પાર આવે તેમ નથી. પછી ટૂંક સમયમાં ઘનશ્યામ પ્રભુ ભક્તિ માતાને દિવ્ય ગતિ આપી પોતાની પાસે રાખે છે.

પુર્ન જન્મ કદી નથી. જ્યાં આધિ વ્યાધી, ઉપાધિ નથી. અષ્ટ આવરણ પાર છે. એટલે તો ભગવાને સ્વમૂખે વચનામૃતમાં કહેલ છે. અમો ક્યાંથી આવ્યા છીએ ? તો લાખ મણ



લોખંડનો ગોળો હોય તે અક્ષરધામમાંથી મૂકે તો નીચે આવતા વાયુના ઘસારાથી રજ ભેળો રજ થઈ જાય છે. એટલું અક્ષરધામ દૂર છે.અનંત બ્રહ્માંડો જેની પાસે રજની જેમ ઉડતા ફરે છે. ભગવાન સુખના નિધિ છે. જેથી દરેક લોકના સુખો નરક તૂલ્ય ભાસે છે. જે મુક્ત જેવું સ્વરૂપ મનમાં ધારે તેવું સ્વરૂપ સ્વેચ્છાએ ધરી શકે છે. કોઈક મુક્ત મણીરૂપે માણેક રૂપે થાય છે. કોઈ દેવ તરૂ તૂલ્ય થાય છે. કોઈ ધજા, કળશ, રૂપ ધરી પ્રકાશે છે. કોઈ હાથી, ઘોડા રૂપે થાય છે. કોઈ વાજિંત્ર રૂપે થાય છે. જેમાં હરિના ગુણ ચરિત્રો ગાય છે. કોઈ પ્રભુની પાદુકા બને છે. કોઈ પ્રભુના છત્રરૂપ થાય છે. સર્વે સ્વતંત્ર છે. કોઈ પરતંત્ર છે જ નહિ. આનંદમગ્ન, શ્રીહરિની મૂર્તિ છે. શ્રીજી મહારાજે મધ્યના ગઢડા -૧૩ માં વચનામૃતમાં કહ્યું છે કે ભાગવતી તનુએ આ વાત કરવી છે. ભાગવતી તનુ ભગવાન કેવું આપે છે કે ભૂખ તરસ ત્યાં લાગતી નથી. એવું દિવ્ય તનુ ભગવાન આપે છે. મુક્તો ભગવાનના વશમાં જ વર્તે છે. જે કદી આજ્ઞાનું ઉલ્લંઘન કરતા જ નથી. જડ વસ્તુ કોઈ દેખાતી નથી. બધુ ચૈતન્યમય છે. અપાર ઐશ્વર્ય સર્વેનું છે. તો ભગવાનનું ઐશ્વર્ય કેટલુ હશે ? જેમ સમુદ્રનું પાણી પીને સર્વે બળીયા થાય છે. પણ સમુદ્ર ઓછો થતો નથી. તેમ ભગવાનનું ઐશ્વર્ય ઓછું થતું જ નથી. તે કહેવાને આપણી પાસે શબ્દો નથી. બીજા ધામો અક્ષરધામ પાસે અલ્પ છે. હવે ધામમાં આપણે કઈ ભાષા બોલશુ. તો તેનો ઉત્તર પરબ્રહ્મ ચરિત્ર સાર સંગ્રહમાં છે તે મુજબ દિવ્ય વાણી બોલાય છે.

મહારાજ સૌ બાળકોના

(પાનાનં.૨૧નું ચાલુ)

તેની પાસે ગયા. અને પૂછ્યું, 'તું શું કરે છે ?' ગભરાયેલી બાળાએ તેના એક વસ્ત્રમાં એકઠાં કરેલા બોર બતાવ્યાં. શ્રીજી મહારાજ કહે, મને આપીશ' તેણે તે બધા બોર ધરી દીધા. શ્રીજી મહારાજે તેની પાસેથી ચાર બોર લીધાં અને કહ્યું, 'તને વરદાન આપું છું કે તને ચાર પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) સિધ્ધ થશે. તું ડર ના રાખતી.'

આમ ગામરૂ બાલિકાને નિર્ભય બનાવીને શ્રીજી મહારાજ આગળના ગામે પધાર્યા.

શ્રીજી મહારાજને બાળકો પર કેટલું વ્હાલ હતું ! બાળકો અને શ્રીજી મહારાજનો સંબંધ અનેરો હતો. દિવ્ય હતો, મહારાજે બાળકોને એક માતાની જેમ મમતા આપી હતી અને એક પિતાની જેમ વ્હાલ પણ કર્યું હતું. એટલે, જ કહી શકાય કે, 'બાળકો સૌ મહારાજનાં અને મહારાજ સૌ બાળકોના !'

SHRI SAHAJANAND SCHOOL-HOSTEL
(Managed and owned by Shri Narnarayandev Diocese)
Bikaner House, Delwada Road, Mt. Abu (Rajasthan), India.
Phone : (02974) 238921, 235133

નવા એડમિશન

આબુ પર્વતની રમણીય ગિરિમાળા અને પ્રદૂષણ મુક્ત વાતાવરણ વચ્ચે સુરક્ષિત ક્ષેત્રમાં ધોરણ ૧ થી ૧૦ની શ્રી નરનારાયણદેવ તાબાની રેસીડેન્શ્યલ સ્કૂલમાં નિવાસી વિભાગને વિકસાવીને હોસ્ટેલ વિભાગમાં અને શાળામાં નવા પ્રવેશ અપાઈ રહ્યા છે.

અંગ્રેજી માધ્યમ, માધ્યમ બદલવાની વ્યવસ્થા, આધુનિક શિક્ષણ પદ્ધતિ, વ્યક્તિત્વ વિકાસની પ્રવૃત્તિઓ અને જીવન સાથે જોડતા શૈક્ષણિક અનુભવો. નાની શાળાની સંકલ્પના વડે પ્રત્યેક વિદ્યાર્થીની વ્યક્તિગત સંભાળ NRI માટે પોતીકી વ્યવસ્થા.

પ્રોસ્પેકટસ અને પ્રવેશ માટે નજદીકનો સંપર્ક : Mobile : 98246 46008

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિરમાં શ્રીહરિ પ્રાકટ્યોત્સવ સમૈયો ધામધુમથી ઉજવાયો

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં રામનવમીનો સમૈયો ધામધુમથી ઉજવાયો હતો.

પ્રાતઃકાળે અક્ષર ભુવમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર રીતે સંપન્ન થયો હતો. ગામોગામ અને શહેરમાંથી લાખો ભક્તોએ શ્રીજી મંહારાજના કહેલ વચન અનુસાર સમૈયાના દર્શન કરી જીવન ધન્ય બનાવ્યું. આખો દિવસ ભક્તોની ભીડથી મંદિર ઉભરાયુ હતું. રાત્રે ૧૦-૧૦ કલાકે શ્રીજી મહારાજના ત્રણે અપર સ્વરૂપોએ પોતાના દાદાના પ્રાકટ્યની આરતી ઉતારીને ભક્તજનોને અલૌકિક દિવ્ય લાભ આપ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સેવાભાવી હરિભક્તોએ સેવાની સુંદર પ્રેરણા પુરી પાડી હતી. *(વિનોદ પટેલ)*

પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીનો ૬૧મો પ્રાકટ્યોત્સવ ધામધુમથી સંપન્ન થયો

સર્વોપરિ સર્વાવતારી શ્રી નરનારાયણદેવના દરબારમાં ઉત્સવની પરંપરા સતત ચાલતી રહે છે. શ્રી નરનારાયણદેવ દેશમાં ધર્મવંશી આચાર્યશ્રી, સંતો અને હરિભક્તોનો સુભગ સમનવ્ય અને સૂમેળ એ શ્રીહરિની કૃપાનું ફળ છે. અમદાવાદ, મૂળી અને ભુજના આપણા સંતો આપણા દરેક ઉત્સવમાં ગમે ત્યાં હોય પણ પ્રસંગમાં અચૂક ઉપસ્થિત થઈ જાય. આજ આપણા સૌના મોટા ભાગ્ય છે.

ચૈત્ર વદ-૩ ત્રીજ એ તો નાના બાળકથી લઈ ૧૦૦ વર્ષના વૃદ્ધ સંત-હરિભક્ત અને અન્ય ધર્મપ્રેમીજનને પણ હોઠે જ શબ્દ હોય આપણા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ, ૨૧મી સદી વિશ્વના લોકો માટે ભલે ગમે તેવી હોય, પરંતુ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો માટે અનેક જન્મોના પુણ્ય ઉદય થાય અને જે સુખ મળે તે સુખ હાલ સમસ્ત સત્સંગને શ્રીજી મહારાજની ત્રણ ત્રણ પેઢીના દર્શનનું સુખ મળી રહ્યું છે. આ જીવને જો સમજાય તો બેડો પાર થઈ જાય! ભાવિ પેઢીને આપણે જેમ શ્રીજી મહારાજનો સમય યાદ કરીએ છીએ અને કેવા ભાવ લાગણી ઉત્પન્ન થાય છે. તેવી જ ભાવ-કલ્પના ત્યારે થશે. આપણા પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી માટે કોઈપણ આશ્રિત કે અનાશ્રિતને જે ભાવના લાગણી અને આદર ભાવ છે તે અકલ્પનીય છે. ૬૧મો પ્રાકટ્યોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારજશ્રીની અધ્યક્ષતામાં અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધુમથી સંપન્ન થયો. રજા વગરનો દિવસ છતાં સભા મંડપમાં પગ મુકવાની જગ્યા ન હતી. તે જ બતાવે છે કે અમારા માટે તો ત્રણે ત્રણ સ્વરૂપ માટે એક સરખો જ ભાવ અને અહોપણું રહેવાનું છે. કોઈ અધિક કે ન્યુન નથી. સભામાં વિદ્વાન પંડિતોએ સ્વસ્તી વાચન અને શુભ કામના પાઠવી, ત્યાર બાદ પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ સભા સંચાલન સંભાળતા પૂજ્ય મોટા મહારાજશ્રીના અનેક દિવ્ય સંભારણા યાદ કર્યા હતા અને તેમના નિર્મળ પવિત્ર જીવન વિશે બહુ સુંદર વાત કરી હતી. તેઓશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે અત્રેના વયોવૃદ્ધ બ્રહ્મચારી શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશાનંદજીએ પોતાના ગુરુ પરંપરાના હસ્તપ્રત પુસ્તકો પ.પૂ. મહારાજશ્રીને ભેટ ધર્યા હતા. જે એક સુંદર પ્રેરણારૂપ હતું. ત્યારબાદ પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, મહંત સ્વામી પ્રેમસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી કેશવપ્રસાદાસજી, શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી. મૂળી મંદિરના સંતો વતી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી અને ભૂજ મંદિરના શાસ્ત્રી નારાયણમુનિદાસજી આદિ સંતોએ પોતાના અંતરની ભાવનાને વાચારૂપે સભા સમક્ષ રજુ કરી હતી. દરેકની ભાવનામાં પ.પૂ. મોટા મહારાજશ્રી પ્રત્યેનો અનન્ય આદરભાવ દેખાતો હતો. પેઢીઓની પેઢી પણ પૂ. મોટા મહારાજશ્રીને હૃદયમાં સંધરી રાખશે. તેઓ તો દયાના સાગર અને કૃપાસિંધુ છે. શ્રીહરિના સર્વે ગુણ સંપન્ન છે. તેઓશ્રીના મુખારવિંદના દર્શન માત્રથી દરેક જીવ-પ્રાણી માત્રનું શ્રેય અને મંગળ થાય છે. પૂજ્ય લાલજી મહારાજશ્રીએ "હેડાનો હાર હરિ મારે રંગ ભીનો" સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીનું કીર્તન સભા સમક્ષ રાગમાં ગાઈને સૌને તેઓશ્રીની કીર્તન ભક્તિના દર્શન કરાવ્યા ! છેલ્લે સમસ્ત સભાને આશીર્વાદ આપતા પૂજ્ય મહારાજશ્રીએ સુંદર વાત કરી.

હાલ વેકેશન ચાલે છે, વેકેશનની મજા-આનંદ પરીક્ષામાં જેના પેપરો સારા ગયા છે તેને વિશેષ છે. પણ જેના પેપરો સારા ગયા નથી તેને સતત પરિણામની ચિંતા છે. અમારા ૩૬ વર્ષનાં તમામ પેપરો સારા ગયા છે. જેથી અમને વેકેશનનો આનંદ બહુ છે. પૂજ્ય લાલજી મહારાજ હાલ વેકેશનમાં શું પ્રવૃત્તિ કરે છે તે જણાવતા કહ્યું કે અમારા નિવાસ સ્થાને જુઈના ફુલ બહુ થાય છે. જેથી પાર્ષદોને આજ્ઞા કરીને ફુલ વીણીને શ્રી નરનારાયણદેવ માટે સ્વયં હાર બનાવે છે. એક દિવસ અમે તેઓ હાર બનાવતા

હતા તે જોવા ઉભા રહ્યા તો ફુલ પાથરવા માટે જ કપડું હતું તેના ઉપર અમારા પગ ભૂલમાં પડી ગયા. તો લાલજી મહારાજ અમને કહે દાદા આપનો પગ કપડા પર પડ્યો. આ હાર શ્રી નરનારાયણદેવ માટે બનાવીએ છીએ. ત્યારે અમે 'સોરી' કહ્યું. આ એક 'ઉત્તમ સંસ્કારનો વારસો છે.' તેનું આથી બીજું ક્યું ઉદાહરણ હોય ! ધર્મવંશી સમસ્ત પરિવારમાં આવા ઉત્તમ ગુણો હોય એતો સ્વયં ભગવાનના પુત્ર છે. એટલે સંસ્કાર તો વારસાગત હોય જ. આપણે તો તેમાંથી મેળવવાનું છે. તેઓતો માનુષી લીલા કરીને આપણને બધું બતાવે છે. *(કોઠારી ધર્મપ્રકાશદાસ)*

કાંકરિયા મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ ઉજવાયો

શ્રીહરિના પ્રસાદીના કાંકરિયા રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૧૦ના શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો વાર્ષિક પાટોત્સવ મહોત્સવ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ઠાકોરજીનો મહાભિષેક વેદવિધિસર રીતે પોતાના વરદ્ હસ્તે કર્યો હતો.

મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, પૂજારી સ્વા. દેવકૃષ્ણદાસજીની પ્રેરણાથી પ.ભ. નરસીભાઈ લલ્લુભાઈ પટેલ તથા પ.ભ. જયેશભાઈ નરસીભાઈ પટેલ પરિવારના સંકલ્પથી પાટોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે પૂ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, પૂ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી આદિ સંતો ધામોધામથી પધાર્યા હતા. મહાપૂજાના પ્રસંગમાં પણ સૌએ સુંદર લાભ લીધો હતો.

સત્સંગ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું યજમાન પરિવારે પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. વિદ્વાન સંતોએ કાંકરિયાનો ઈતિહાસ અને મહિમા કહ્યો હતો. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવની ઉપાસના રાખવા પર ખાસ ભાર પૂર્વક આશીર્વચનમાં જણાવ્યું હતું. આભાર વિધિ મહંત સ્વામી ગુરુપ્રસાદદાસે કરી હતી. સભા સંચાલન શા. પ્રાણજીવનદાસે કર્યું હતું. કોઠારી આનંદ સ્વામીએ સુંદર વ્યવસ્થા કરી હતી. *(ગૌરાંગ પટેલ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)*

કાંકરિયા મંદિરમાં હનુમાનજી દેવનો મારુતિયજ્ઞ

કાંકરિયાની તીર્થોત્તમ ભૂમિ શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત રામબાગમાં પૂજ્ય આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી દાદાએ પ્રસ્થાપિત કરેલા બાળ સ્વરૂપ કષ્ટભંજનદેવનો મહાભિષેક-અન્નકૂટ અને મારૂતિ યજ્ઞ ચૈત્ર સુદ-૧૫ તા. ૨૪-૪-૦૫ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજીની પ્રેરણાથી સુંદર આયોજન સંપન્ન થયુ હતું. સવારે ૯-૦૦ કલાકે મારૂતિ યજ્ઞનો પ્રારંભ થયો ત્યારે યજમાન પ.ભ. જૈમિનભાઈ પરીખ તથા શ્રી એન. કે. ઉપાધ્યાય અને સેંકડો હરિભક્તોએ યજ્ઞમાં બેસી લાભ લીધો હતો. સાંજે ૬ કલાકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે યજ્ઞની વિધિવત પૂર્ણાહુતિ થઈ હતી. સભામાં મહંત શા.સ્વામી નિર્ગુણદાસજીએ શ્રી હનુમાનજી મહારાજની જન્મ જયંતીનો મહિમા વર્ણવ્યો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપવા અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પણ બહેનોને દિવ્ય લાભ આપવા પધાર્યા હતા. સાંજે કોઠારી સ્વામી અને નરોત્તમ ભગતે પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી. ઓચ્છવ મંડળે હનુમાનજીની સાંનિધ્યમાં રાત્રે ઓચ્છવની રમઝટ બોલાવી હતી. હનુમાન ચાલીસા અને સુંદર કાંડના પાઠ ભક્તોએ કર્યા હતા. હરિભક્તોએ દર્શન કરી પ્રસન્નતા અનુભવી હતી.

(ગૌરાંગ પટેલ)

નારાયણઘાટ મંદિરમાં ત્રિદિનાત્મક રાત્રી સત્સંગ સુંદર રીતે સંપન્ન થયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા પ્રેરણાતી મહંત સાધુ દેવપ્રસાદદાસ અને મહંત સાધુ ઘનશ્યામપ્રકાશદાસના માર્ગદર્શનથી નારાયણઘાટ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સહયોગથી દિવ્ય તીર્થ ભૂમિ નારાયણઘાટ મંદિરમાં તા. ૧૬-૪-૦૫ થી તા. ૧૮-૫-૦૫ પર્યન્ત દરરોજ રાત્રે ૮-૩૦ થી ૧૧-૦૦ સુધી સત્સંગ યોજાયેલ. જેમાં પૂ. મહંત શા.સ્વામી નિર્ગુણદાસજી, પૂ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, શા. સિધ્ધેશ્વરદાસજી આદિ સંતોએ પ્રવચન માળામાં પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. સુપ્રસિધ્ધ કલાકારશ્રી હસુખભાઈ પાટડીયા, જયેશ સોની, પુરવ પટેલ, દિનેશ વઘાશીયા વગેરેએ કીર્તન ભક્તિનો ભરપુર આનંદ આપ્યો હતો. તા. ૧૭-૪-૦૫ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌને ખૂબજ રૂડા આશીર્વાદ આપ્યા હતા. રામનવમી શ્રીહરિ જયંતી નિમિત્તે યોજાયેલ આ ત્રિદિનાત્મક રાત્રી સત્સંગનો અલભ્ય લાભ મોટી સંખ્યામાં હરિભક્તોએ લીધો હતો.

(પ્રતિ. ગોરધનભાઈ વી. સીતાપરા)

જમીયતપુરા પ્રભા હનુમાનજી મંદિરમાં શ્રી હનુમાન જયંતી ઉજવાઈ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની

આજ્ઞા-આશીર્વાદથી શ્રીપ્રભા હનુમાનજી જમીયતપુરા ખાતે સ્વામી વિજયપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી હનુમાન જયંતી નિમિત્તે યજ્ઞ-હનુમાન ચાલીસા, સુંદરકાંડનું આયોજન કર્યું હતું. ૪૦૦ જેટલા હનુમાનજીના ભાવિક ભક્તોએ લાભ લઈ કૃતાર્થ થયા હતા. મહંત સ્વામી ઘનશ્યામપ્રકાશદાસે અત્રેના મંદિરનું અને શ્રી હનુમાનજી મહારાજનું માહાત્મ્ય મહિમા કહ્યો હતો.

(શા. પૂર્ણપ્રકાશદાસ)

મથુરા મંદિર (યુ.પી.)

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજી સમક્ષ ફુલદોલોત્સવ ત્યાંની ધાર્મિક પ્રજાએ ઉજવ્યો હતો. જેનો લાભ મોટી સંખ્યામાં ભક્તોએ લીધો હતો.

(મહંત સ્વામી)

કંજરીકંપા (સાબરકાંઠા)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બન્ને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના અંતરના આશીર્વાદથી ફાગણ સુદ-૭ના ઠાકોરજીનો પાટોત્સવ સુંદર રીતે ઉજવ્યો હતો. કલોલથી સ્વામી હરિચરણદાસ પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી નિત્ય નિયમ અને થાળ કર્યા હતા. કોઠારી ડાહ્યાભાઈ પૂંજાભાઈ અને હરિભક્તોએ સેવાનો સારો લાભ લીધો હતો.

(કોઠારી ડા. પૂ.)

મહેસાણા જીલ્લાના કરશન પુરા ગામે સત્સંગ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૨૪-૪-૦૫ના રોજ રાત્રે ૮ કલાકે વિસનગર શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, પ.ભ. ઉદયનભાઈ મહારાજા તથા મહેસાણા મંદિરના સંતોનું મંડળ આદિ સૌએ કરશનપુરામાં સત્સંગ સભામાં ભગવાન સંબંધી વાતો અને વ્યસન મુક્તિ તેમજ મૂળ સંપ્રદાયની નિષ્ઠા પર પ્રવચન આપીને સૌને સુંદર લાભ આપ્યો હતો.

(ભાનુભાઈ એસ. પટેલ, મહેસાણા)

ડાંગરવા શ્રી સ્વામિનારાયણ (વાંટો) મંદિરમાં શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ઉજવાયો

અત્રે પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૨૨૪મો પ્રાકટ્યોત્સવ શ્રીહરિકૃષ્ણ મહારાજને પારણામાં ઝુલાવીને ઉજવ્યો હતો. રાત્રે ૮ થી ૧૦-૧૫ કીર્તન ભક્તિ ધૂન આદિ કરેલ. પ્રાકટ્યોત્સવની આરતીના દર્શન હજારો હરિભક્તોએ કરીને દિવ્યાનંદ પ્રાપ્ત કર્યો હતો.

(ડાભી મફાજી સરદારજી)

કોઠંબા (પંચમહાલ) મંદિરનો દશાબ્દી મહોત્સવ ઉજવાયો

ઝાડીદેશના કોઠંબા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને પૂજ્ય સદ્‌ગુરુ સ્વામી કરશનદાસજીની દિવ્ય પ્રેરણાથી અને પૂજ્ય સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ના સુંદર માર્ગદર્શનથી દશાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૭-૪-૨૦૦૫ થી તા. ૧૧-૪-૦૫ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શા.સ્વા. ઈશ્વરજીવનદાસજી (ધરિયાવદ મહંત) ના વક્તાપદે સંપન્ન થઈ હતી. તા. ૯-૪-૨૦૦૫ થી તા. ૧૧-૪-૦૫ ત્રિદિનાત્મક વિષ્ણુયાગની વિધિ શ્રી રાજુભાઈ શુકલના હસ્તે કરવામાં આવેલ. તા. ૧૧-૪-૨૦૦૫ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક પારાયણની પૂર્ણાહુતિ, યજ્ઞની પૂર્ણાહુતિ અને મંદિરના શિખર પર કળશ પૂજન વિધિવત રીતે સંપન્ન થયેલ. પ્રાસંગિક સભામાં પ.ભ. શ્રી વાસુદેવભાઈ મગનલાલ જોશીએ ખૂબજ પુરુષાર્થ અને શ્રધ્ધાથી પ્રકાશીત કરેલ "વચનામૃતસાર સરિતા" પુસ્તકનું પ.પૂ. મહારાજશ્રીએ વિમોચન કરી તેમને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પુસ્તક તેમના તરફથી શ્રી નરનારાયણદેવ તાબાના દરેક શિખરબધ્ધ અને દરેક હરિમંદિરોમાં ભેટ રૂપે આપવા માટે જ છપાવ્યું છે. તા. ૨૭-૩-૨૦૦૫ના પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા અને સૌને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું હતું. *(અશ્વિનભાઈ કાછીયા, શ્રી ન.ના.દેવ યુવક મંડળ)*

નવા વાડજ મંદિર

તા. ૧૦-૪-૦૫ સવારે ૭-૩૦ થી ૧૨-૦૦ સમૂહ મહાપૂજા અને સવારે ૯-૩૦ થી ૭-૩૦ શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક આદિ કાર્યક્રમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ-આજ્ઞાથી સંપન્ન થયા હતા. યજમાનનો લાભ પ.ભ. અનીલભાઈ રતીલાલ સોનીએ લીધો હતો. શાસ્ત્રોક્ત વિધિ શ્રી ગોપાળભાઈ શાસ્ત્રીએ કરાવી હતી.

(શંભુભાઈ પટેલ)

એપ્રોચ (બાપુનગર) મંદિર

રામનવમી - હરિજયંતીનો ઉત્સવ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી આપણા નૂતન શિખરબંધ એપ્રોચ (બાપુનગર) મંદિરમાં રાત્રીના ૧૦-૧૦ કલાકે સર્વોપરિ શ્રી બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની આરતી દર્શન કરવા માટે પૂર્વ વિસ્તારના હજારો ભક્તજનો આવ્યા હતા. સભા મંડપ મંદિર ખીચોખીચ ભરાઈ ગયા બાદ મંદિરની સામે રોડ પર પણ વિશાળ સંખ્યામાં ભક્તજનો દ્રષ્ટિગોચર થતા હતા. ઘનશ્યામ મહારાજનો આ એક અદ્‌ભૂત પ્રતાપ હતો. બપોરના ૧૨ કલાકે શ્રી રામચન્દ્રજી ભગવાનની પ્રાકટ્યની આરતી થઈ હતી. રાત્રી કાર્યક્રમમાં કીર્તન ભક્તિ ખૂબ

ધામધૂમથી થઈ હતી. મંદિરના મહંત શ્રી લક્ષ્મણજીવનદાસજી સ્વામી તથા સંત-પાર્ષદ મંડળની પ્રેરણા માર્ગદર્શન મુજબ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (એપ્રોચ)ના સભ્યોએ આ પ્રસંગે ખૂબ સારી સેવા કરી હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

રોહીશાળા (હાલાર)

શ્રી સ્વામિનારાયણ મંદિરનો રજત જયંતી મહોત્સવ ઉજવાયો

મૂળી મંદિરના સંતોએ હાલાર પ્રદેશમાં સતત વિચરણ કરીને એક એક વ્યક્તિને દેવ અને ધર્મકુળના માહાત્મય અને મહિમાના બીજ વાવેલા. જે આજે પણ જળવાયેલા જોવા મળે છે. રોહીશાળા ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરને ૨૫ વર્ષ પુરા થતા હોવાથી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ બન્ને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પૂજ્ય લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મૂળી મંદિરના પૂજ્ય સ્વામી બાળકૃષ્ણદાસજી, સ્વામી બળદેવપ્રસાદ-દાસજી તથા સ્વામી રામસ્વરૂપદાસજીની શુભ પ્રેરણાથી તેમજ અક્ષરનિવાસી હાલારી સંતો સ.ગુ. ગવૈયા સ્વામી કૃષ્ણચરણદાસજી, સ.ગુ. સ્વામી બાલમુકુન્દદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી વિશ્વપ્રકાશ-દાસજી, કોઠારી સ્વામી કૃષ્ણસેવાદાસજી તથા સ્વામી માધવપ્રસાદદાસજી આદિ સંતોની દિવ્ય પ્રેરણાથી ચિત્રોડા અ.નિ. પ.ભ. રવજીભાઈ જીવરાજભાઈ તથા અ.નિ. પ.ભ. મનજીભાઈ જીવરાજભાઈ એમ સમસ્ત ટાંક પરિવાર તરફથી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૦-૪-૦૫ થી ૧૬-૪-૦૫ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી મુકુન્દપ્રસાદદાસજી (મૂળી) અને સ.ગુ. શા.સ્વામી જ્ઞાનવલ્લભદાસજી (મૂળી) ના વક્તાપદે સંપન્ન થઈ હતી. અને સંહિતા વચનામૃત શાસ્ત્રના મુખ્ય શાસ્ત્રી વાસુદેવપ્રસાદજી શુકલ (મૂળી) હતા. ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગના આચાર્ય પદે શાસ્ત્રી જિતેન્દ્રભાઈ અમૃતલાલ બાપા (મૂળી)એ વેદ વિધિસર રીતે વિધિ કરાવી હતી.

તા. ૧૩-૪-૦૫ના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પૂજ્ય લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને પૂજ્ય અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. અને બહેનોને અલૌકિક દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું હતું. તા. ૧૫/૧૬-૪-૦૫ના શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ૨૫મો પાટોત્સવ પારાયણ અને યજ્ઞની પૂર્ણાહુતિ વિધિવત રીતે થઈ હતી. પ્રાસંગિક સભામાં ધામોધામના અમદાવાદ, મૂળી આદિ મંદિરના સંતોએ અને મહંતશ્રીઓએ પ્રાસંગિક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવારના સૌ સભ્યોને વિશેષ સેવા કરવાનું બળ મળે તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજી અને સ્વામી કૃષ્ણપ્રસાદદાસે સંભાળ્યુ હતું. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ અંકના વંશપરંપરાગત સભ્યો પ.ભ. બાબુભાઈ ટાંકની પ્રેરણાથી કરવામાં આવેલ. જેમને ખૂબ ખૂબ ધન્યવાદ. વિવિધ સેવામાં પૂ. જ્ઞાન સ્વામી સાથે શ્રીપ્રકાશ સ્વામી, અનિરુદ્ધ સ્વામી અને પાર્ષદ ચંદુભગત આદિ સંતમંડળ જોડાયા હતા.

(બાબુભાઈ ટાંક, મીરારોડ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હળવદ વિસ્તારમાં થયેલી સત્સંગ સભાઓ ઘનશ્યામનગર (નવા ધનાળા) તા. ૮-૪-૦૫ **હરિપર (ઘાંગધ્રા)** તા. ૨૩-૪-૦૫ અને સાપકડા તા. ૨૦-૩-૦૫ના સત્સંગ સભા થઈ હતી. જેમાં શ્રીજીસ્વરૂપ સ્વામી, ચરાડવાના મહંત સ્વામી, વિશ્વવિહારી સ્વામી, નિલકંઠ સ્વામી આદિ સંતોએ શ્રી રાધાકૃષ્ણદેવ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની અનન્ય નિષ્ઠા રાખવા પર અને મૂળ સંપ્રદાયની પરંપરાને ઓળખીને ખબરદાર રહેવુ. તેવી સુંદર સમજ પુરી પાડી હતી. દરેક ગામના શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પણ સુંદર સહકાર આપી સત્સંગ સભામાં પ્રેરણા પુરી પાડી હતી.

(ઘનશ્યામનગર, સાપકડા, હરિપર શ્રી ન.ના.દેવ યુવક મંડળ)

હળવદમાં નૂતન મંદિરનું ખાતમુહૂર્ત

અત્રે હળવદમાં તા. ૨૧-૪-૦૫ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાત વિધિ વેદ વિધિસર રીતે શાસ્ત્રોક્ત વિધિથી પોતાના વરદ્ હસ્તે કરી હતી.

પ્રાસંગિક સભામાં અમદાવાદ, મૂળી, સુરેન્દ્રનગર, ચરાડવા અને ધ્રાંગધ્રાના સંતોએ મંદિરમાં સેવા કરવા સૌને ભલામણ કરી હતી. છેલ્લે સમસ્ત સભાને પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

લીંબડી તપોવન મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી રાનવમીનો ઉત્સવ સરસરીતે ઉજવાયો હતો. સાધુ ભક્તવત્સલ આદિ સંત મંડળે કથા વાર્તાનો લાભ આપ્યો હતો. *(કોઠારી માણેકલાલ)*

વિદેશ સત્સંગ સમાચાર

સ્ટ્રેધામ (I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રે મંદિરના પૂજારી શ્રી કેશુ ભગત (બાપુનગર વાળા)ની પ્રેરણાથી તા. ૧૮-૪-૦૫ના રોજ રામનવમી - હરિજયંતી મહોત્સવ ખૂબ જ ઉત્સાહ અને ધામધુમથી ઉજવવામાં આવ્યો. બપોરના ૧૨ કલાકે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચન્દ્ર ભગવાનની પ્રાકટ્યની આરતી તથા સાંજના ૮ કલાકે પૂર્ણ પુરુષોત્તમ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાકટ્યની આરતી કરવામાં આવી. આરતી બાદ અવનવી મીઠાઈઓનો અન્નકૂટ ઘનશ્યામ મહારાજ સમક્ષ ધરાવવામાં આવ્યો. તેમજ સંગીત વાંજિત્ર સાથે કીર્તન ભક્તિ કરી શ્રી ઘનશ્યામ મહારાજને રાજી કરવામાં આવ્યા હતા. પ.ભ. શ્રી યશભાઈ દવેએ યજમાન તરીકેનો લાભ લીધો હતો. નાના મોટા અસંખ્ય ભક્તજનોએ દર્શન તથા કીર્તન ભક્તિનો લાભ લીધો હતો. *(અજયભાઈ પટેલ, ગોરધનભાઈ વી. સીતાપરા દ્વારા)*

ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા નોંધાવેલ હરિભક્તો જોગ

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઘણા સેવા ભાવિ નિષ્ઠાવાન હરિભક્તોએ સેવા નોંધાવેલ. પરંતુ સંજોગવશાત્ ઘણા સેવા નોંધાવનાર હરિભક્તોની સેવા આવવાની બાકી છે. તેમજ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં પણ ઘણા ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોએ સેવા નોંધાવી છે. હાલ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું કામ પુરજોશમાં ચાલે છે. જેથી દરેક ભક્તોએ પોતાની સેવા વહેલાસર યાદ કરીને અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રોકડા, ચેક અથવા ડ્રાફટના રૂપમાં ભરીને પાવતી મેળવી લેવી.

મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

આપણા વ્રતોત્સવો

વૈશાખ વદ

તિથિ	વાર	તા.	શુભાશુભ યોગો અને તહેવારો
૧	મંગળ	૨૪	નારદ જયંતી, વિછુંડો.
૨	બુધ	૨૫	જૂનાગઢ શ્રી રાધારમણાદિક દેવોનો પ્રતિષ્ઠોત્સવ (સં. ૧૮૮૪), વિછુંડો ઉતરે બપોરે ૧૨-૪૫.
૫	શનિ	૨૮	ધોળકા (૧૮૮૩), પ્રાંતિજ અને માલેગાવ સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ.
૬	રવિ	૨૯	પંચક બેસે બપોરે ૩-૨૧, મિથુનમાં શુક.
૭/૮	સોમ	૩૦	કાલાષ્ટમી, ચાણોદ, બોટાદ અને માણાવદર સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ, પંચક.
૧૦	બુધ	૧	જૂન માસ, કુબેરનગર (સુરત) સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ, પંચક.
૧૧	ગુરુ	૨	અપરા એકાદશી ઉપવાસ, પંચક ઉતરે રાત્રે ૧૨-૪૦.
૧૨	શુક	૩	પીપલાણા સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ, મીનમાં મંગળ.
૩૦	સોમ	૬	દર્શ-૩૦ અમાવાસ્યા, શનૈશ્ચર જયંતી

જેઠ સુદ

૯	ગુરુ	૧૬	શ્રી સ્વામિનારાયણ જયંતી.
૧૦	શુક	૧૭	શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વતંત્રપણે મધ્યાન્હ સમયે સ્વધામ ગમન કર્યું હતું. (સં. ૧૮૮૬ ગઢપુર), ગંગા દશહરા સ્નાન સમાપ્ત સાવદા સ્વા.ના.મં. પ્રતિષ્ઠોત્સવ.
૧૧	શનિ	૧૮	નિર્જલા એકાદશી ઉપવાસ, છપૈયાધામ અને સિધ્ધપુર, સ્વા.નં.મં. પ્રતિષ્ઠોત્સવ
૧૨	રવિ	૧૯	ઈડર સ્વા.ના.મં. પ્રતિષ્ઠોત્સવ, વટ્સાવિત્રીવ્રત આરંભ, પ્રદોષ, વિછુંડો બેસે રાત્રે ૮-૫૫.
૧૪	મંગળ	૨૧	જ્યેષ્ઠા અભિષેક આજે જ્યેષ્ઠા નક્ષત્રનો યોગ હોવાથી શ્રીહરિ ઠાકોરજીને કેશરમિશ્રિત જળથી શંખવડે અભિષેક કરવો. જળયાત્રોત્સવ, વટ્સાવિત્રી વ્રત સમાપ્ત, વિછુંડો ઉતરે રાત્રે ૧૧-૩૫.
૧૫	બુધ	૨૨	મુકુટોત્સવ પૂનમ.

જેઠ વદ

૪	શનિ	૨૫	સંકટષ્ટી-૪, શ્રીધર્મદેવજીનું અંતર્ધાન (સં. ૧૮૪૮ અયોધ્યા), પંચક બેઠા રાત્રે ૧૦-૩૩.
૭	મંગળ	૨૮	મદ્રાસ સ્વા.ના. મંદિરનો પ્રતિષ્ઠોત્સવ, પંચક.
૧૧	શનિ	૨	યોગીની એકાદશી ઉપવાસ.
૧૨	રવિ	૩	વડનગર સ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠોત્સવ, પીપલાણામાં શ્રી નિલકંઠવર્ણી અને શ્રી રામાનંદ સ્વામીનો પ્રથમ મેળાપ, (સં. ૧૮૫૬), પ્રદોષ.
૩૦	બુધ	૬	દર્શ-૩૦, અમાવાસ્યા.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ પ.ભ. રમણલાલ શંકરલાલ ઠક્કર નવું બાઈક લીધું તે નીમિત્તે	અમદાવાદ
૨૫૧-૦૦ અ.નિ. પ.ભ. સુશીલાબેન કનુભાઈ પટેલ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે	અસલાલીવાળા
૧૦૧-૦૦ પ.ભ. શૈલેષભાઈ જયંતીલાલ પટેલ શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. વિષ્ણુભાઈ મણીભાી પટેલ જન્મ દિવસ પ્રસંગે	બીલાસીયા
૧૦૧-૦૦ પ.ભ. મિકીર દશરથભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	બાલાસિનોર
૧૦૧-૦૦ પ.ભ. કિશન છબીલાલભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મોટેરા
૧૦૧-૦૦ પ.ભ. રસિકલાલ બાબુલાલ મોદી ચિ. દિપીકાબેનના તા. ૨૬-૧-૦૫ના સગપણ પ્રસંગે	નરોડા
૧૦૧-૦૦ પ.ભ. જગદીશ શુકલ શ્રીજી પ્રનસ્નાર્થે	અમદાવાદ
૨૦૦-૦૦ પ.ભ. ભૂપેન્દ્રકુમાર રામાભાઈ પટેલ ઘંઘોસારો ચાલે છે તે નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦ પ.ભ. ચંદુભાઈ આર. ગજજર ચિ. જલ્પાબેનની સગાઈ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. સિંધવ મોહનભાઈ નાથાબાઈ ચિ. પૌત્ર દેવાંગના જન્મની ખુશાલી પ્રસંગે	વણી
૧૦૧-૦૦ પ.ભ. જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે હા. શ્રીહરિકૃષ્ણભાઈ	અમદાવાદ
૫૦૧-૦૦ પ.ભ. શ્રી ધ્રુવ બીપીનભાઈ કવિ પૂ. દાદી શકુન્તલાબેનની પુણ્યતિથી નિમિત્તે	શિકાગો
૧૦૧-૦૦ પ.ભ. માવજીભાઈ પરસોત્તમભાઈ નવું ફેશન પલ્સ બાઈક લીધું તે નિમિત્તે	(ઘુડકોટવાળા) રાજકોટ
૧૫૧-૦૦ પ.ભ. સી.એમ. ભટ્ટ ચિ. અમતીના શુભ લગ્ન પ્રસંગે	(જીરાગઢવાળા) રાજકોટ
૧૦૧-૦૦ પ.ભ. કા.પ. વિજયકુમાર હરિકૃષ્ણ બાલાસિનોરમાં દુકાન કરી તે નિમિત્તે	રાબડીયા
૧૧૧-૦૦ પ.ભ. કમલેશભાઈ જયંતીભાઈ પટેલને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	ગવાડા
૧૦૧-૦૦ પ.ભ. ઘનશ્યામભાઈ પ્રભુદાસ મિસ્ત્રી નવું એકટીવા લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. નરેશભાઈ કનુભાઈ બૂટીયા શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૦-૦૦ પ.ભ. મહેન્દ્રભાઈ ભક્તિભાઈ શીવલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	વડુ
૧૦૧-૦૦ પ.ભ. મેઘજીભાઈ કેશવજીભાઈ ચૌહાણ ચિ. સ્મિતા અને ચિ. મુકેશના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. મેહુલસિંહ ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે	ગોધાવી
૧૫૧-૦૦ પ.ભ. શિલ્પાબેન ધનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. ગોવિંદભાઈ રસિકલાલ કાછીયા ચિ. કશીશની પ્રથમ જન્મ તારીખ પ્રસંગે	કોઠંબા
૧૦૧-૦૦ પ.ભ. શિવાંગ રાજેશભાઈ પરીખના પ્રથમ પગાર નિમિત્તે	દહીંસર મુંબઈ
૨૦૧-૦૦ પ.ભ. રવજીભાઈ ડાહ્યાભાઈ પટેલ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	ચાંદખેડા
૧૦૧-૦૦ પ.ભ. વિજયભાઈ રાવજીભાઈ પટેલ નોકરીમાં કાયમી થયા તે નિમિત્તે	ચાંદખેડા
૧૦૧-૦૦ પ.ભ. પટેલ નટવરલાલ સાંકાભાઈ ચિ. ઉત્પલને ઈલે. એન્જીનીયરની નોકરી મળી તે નિમિત્તે	વક્તાપુર
૧૦૦-૦૦ ચિ. મિનલ લક્ષ્મણભાઈ ચાવડા પૂ.બા ના સ્મરણાર્થે	સ્વા.બાગ મેમનગર
૧૦૧-૦૦ પ.ભ. જીતેન્દ્રકુમાર બાબુલાલ પટેલના ચિ. પાર્થ ઓસ્ટ્રેલીયા યુનિ.માં પાસ થયા તે નિમિત્તે	(વિહારવાળા)
૧૦૧-૦૦ પ.ભ. ભાસ્કર નટવરલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નાંદોલ
૧૧૧-૦૦ પ.ભ. ઈશ્વરલાલ અમરશીભાઈ પિત્રોડા ચિ. રાજેશકુમારે નવું બાઈક લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. પટેલ રમેશભાઈ નારાયણદાસ ચિ. સુપુત્રી જીજ્ઞાસાબેનના શુભ લગ્ન પ્રસંગે	સોજા
૧૦૧-૦૦ પ.ભ. વિનુભાઈ બબલદાસ લીંબાચીયા ચિ. અપેક્ષાના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦ પ.ભ. કા.પ. ગીરીશકુમાર દશરથલાલ શ્રી નરનારાયણદેવની બાધા નિમિત્તે	બાલાસિનોર
૧૦૧-૦૦ પ.ભ. અરૂણાબેન મનીષભાઈ દુબે શ્રીજી પ્રસન્નાર્થે	મણીનગર
૧૦૧-૦૦ પ.ભ. મનોજભાઈ બાબુભાઈ ટાંક જન્મદિવસ પ્રસંગે	મીરારોડ
૧૦૧-૦૦ પ.ભ. પ.ભ. બાબુભાઈ જીણાભાઈ ટાંક નવી જગ્યા લીધી તે નિમિત્તે	મીરારોડ
૧૦૧-૦૦ પ.ભ. મહેશભાઈ બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦ પ.ભ. ગૌતમભાઈ રમણીકભાઈ રાઠોડ તેમને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે	જીરાગઢવાળા
૧૦૧-૦૦ પ.ભ. બળદેવભાઈ ભીખાભાઈ ચૌધરી ચિ. સંજયના લગ્ન પ્રસંગે	દોલારાણા વાસણા
૧૦૧-૦૦ પ.ભ. જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	સંતરામપુર

૧૦૦-૦૦ પ.ભ. પ્રદિપકુમાર જેશંગભાઈ ખટાણા ચિ. મિત્રાજના જન્મ દિવસ પ્રસંગે	બળોલ-ભાલ
૧૦૧-૦૦ નેહાંગ દિનેશભાઈ સાવલીયા જન્મ દિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. કાંતિલાલ સોમદાસ દલાલ નવા મકાનના વાસ્તુ પ્રસંગે	અમદાવાદ
૧૦૫-૦૦ પ.ભ. રમણલાલ હરગોવનદાસ ભાવસારના પૌત્ર દિપકના ચિ. વ્રજને ફુલદોલોત્સવ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. અંબાલાલ વિઠ્ઠલદાસ મોદી નવું બાઈક લીધું તે નિમિત્તે	માણસા
૧૦૧-૦૦ પ.ભ. હંસાબેન વિનોદભાઈ સોની પૌત્ર દેવાંશુના જન્મ પ્રસંગે	મોરબી
૧૫૧-૦૦ પ.ભ. હરિભાઈ ગોવિંદભાઈ પટેલ તેમના સ્મરણાર્થે	કણભા
૧૦૧-૦૦ પ.ભ. ઘનશ્યામભાઈ હરિભાઈ પટેલ ચિ. પૌત્ર મનનના જન્મ દિન પ્રસંગે	કણભા
૧૫૧-૦૦ પ.ભ. નરેન્દ્રભાઈ હરિભાઈ પટેલ ઓફીસ સુપ્રિટેન્ડન્ટ તરીકે પ્રમોશન નિમિત્તે	નરોડા (કણભાવાળા)
૧૦૧-૦૦ પ.ભ. દિનેશભાઈ ભૂલાભાઈ પૂણ્ય તિથિ નિમિત્તે હા. પ્રિયંકા-કોમલ	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. નાનુભાઈ નથુભાઈ જાદવ, નવું હિરો હોન્ડા લીધુ તે નિમિત્તે	સુરેન્દ્રનગર
૧૦૧-૦૦ પ.ભ. જાદવ જયશ્રીબેન નાનુભાઈ હરિભાઈને આંખે સારુ થયું તે નિમિત્તે	સુરેન્દ્રનગર
૧૦૧-૦૦ પ.ભ. મિત્ત તેજેન્દ્રકુમાર બાબુલાલ જન્મદિવસ નિમિત્તે	ડિંગુચા
૧૦૧-૦૦ પ.ભ. વલ્લભભાઈ ખેમાભાઈ ચિ. હિરેનભાઈના લગ્ન પ્રસંગે	વસઈટીંબા
૩૧૦૦-૦૦ પ.ભ. રામનારાયણ હિરાલાલ ભાવસાર શ્રીહરિ પ્રસન્નાર્થે	વિરાટનગર-અમદાવાદ
૧૦૧-૦૦ પટેલ સતીષકુમાર રામાભાઈની કું. પમાં વર્ષમાં પ્રવેશ નિમિત્તે	વિસનગર
૧૫૫૧-૦૦ પ.ભ. રિતેષકુમાર રતીલાલ બી. પટેલ બેંગ્લોરમાં નવી નોકરી મળી તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦ પ.ભ. મંજુલાબેન રાજુભાઈ અમૃતભાઈ જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. ચાર્મીબેન આર. પરીખ વર્ષ ગાંઠ નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦ પ.ભ. પટેલ ગીરીશભાઈ હિરાભાઈ મારૂતીજેન લાવ્યા તે પ્રસંગે	ડેમાઈ
૧૫૧-૦૦ પ.ભ. પંકજભાઈ દયારામ ઠક્કર શ્રીહરિકૃપાથી નવી મારૂતી આલ્ટા ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ પ.ભ. પંકજભાઈ દયારામ ઠક્કર ચિ. પંકિલની સગાઈ બરોડા ચિ. ભાવિકા સાથે કરી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. વિકેનભાઈ કાંતિલાલ પટેલ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૨૩૧-૦૦ પ.ભ. જીતેન્દ્ર ભોગીલાલ ભાવસાર જન્મદિવસ પ્રસંગે (ન્યુજર્સીવાળા)	અમદાવાદ
૨૦૧-૦૦ પ.ભ. અ.નિ. પુષ્પાબેન પ્રવિણભાઈ તા. ૧૧-૪-૦૫ના પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે	રાંદેર - સુરત
૧૦૧-૦૦ પ.ભ. જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે હા. હરિકૃષ્ણભાઈ	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ. અરવિંદભાઈ પી. પટેલ જન્મદિન પ્રસંગે (ઉવારસદવાળા)	અમદાવાદ
૨૦૦-૦૦ પ.ભ. ભૂપેન્દ્રકુમાર રામાભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	પરઢોલવાળા
૧૫૦-૦૦ પ.ભ. ગીરીશભાઈ રામાભાઈ પટેલ વિમા એજન્ટનું એક કરોડનું કામ પુરુ થયું તે નિમિત્તે	પરઢોલવાળા
૧૦૧-૦૦ પ.ભ. લખમણભાઈ પચાણભાઈ ચાવડા અને લાભુબેન લખમણભાઈ ચાવડા છપૈયા યાત્રા નિમિત્તે	રામપરા
૧૦૨-૦૦ પ.ભ. ચિમનલાલ મણીલાલ કા. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦ પ.ભ. બાબુભાઈ ટાંક રોહીશાળા મંદિરનો રજત જયંતી મહોત્સવ પૂ. મહારાજશ્રીની નિશ્રામાં ઉજવાયો તે નિમિત્તે	
૧૦૧-૦૦ પ.ભ. ભરતભાઈ પ્રહલાદભાઈ પટેલ ચિ. ભાવેશના શુભ લગ્ન પ્રસંગે	મોટેરા
૧૦૦-૦૦ પ.ભ. ગોવિંદભાઈ માધાભાઈ ચૌધરી શ્રીજી પ્રસન્નાર્થે	દોલાસણા-વાસણા
૧૦૦-૦૦ પ.ભ. શ્રીકાંત રમણલાલ મોદી નવું બાઈક ખરીદ્યું તે નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦ પ.ભ. ઘનશ્યામભાઈ મોતીભાઈ પટેલ પેન્સન મંજુર થયું તે નિમિત્તે	નાંદોલ

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃદ્ધ સંત **સ્વામી ગોવિંદપ્રસાદદાસજી** ગુરુ સ્વામી ગોપીવલ્લભદાસજી તા. ૧૮-૪-૨૦૦૫ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર : અત્રેના સંત શાસ્ત્રી સ્વામી રામચરણદાસજી ગુરુ સ્વામી રામસ્વરૂપદાસજી તા. ૧૩-૨-૨૦૦૫ના શ્રીહરિનું ચિંતવન કરતા અક્ષરનિવાસી થયા છે.

મુંબઈ મુલુન્ડ : પ.ભ. દેવજીભાઈ નારાયણજી તન્ના (ગુલાબનું ફુલ) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બળોલ (ભાલ) : પ.ભ. જીવાભાઈ વજાભાઈ ચાવડાના ધર્મપત્નિ ગં.સ્વ. જીવીબા તા. ૨-૪-૦૫ના સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ચિંતવન કરતા અક્ષરનિવાસી થયા છે.



કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મારૂતિયજ્ઞની પૂર્ણાહુતિ કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદ -કાંકરિયા મંદિરના મહંત સ્વામી



કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મારૂતિયજ્ઞ પ્રસંગે આશીર્વાદ આપતાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે યજમાન પરિવાર પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી ના આશીર્વાદ લઈ રહ્યાં છે.



કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી પંક્તિમાં સંતોને પીરસીને દિવ્ય લાભ આપી રહ્યાં છે.

કોઠંબા (પંચમહાલ) મંદિરમાં હરિભક્તો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરતાં





કોઠંબા (પંચમહાલ) મંદિરમાં વિષ્ણુયાગની પૂર્ણાહુતિ કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



કોઠંબા (પંચમહાલ) મંદિરમાં દશાબ્દિમહોત્સવ પ્રસંગે શ્રી હરિકૃષ્ણમહારાજનો અભિષેક કરતાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



શ્રી હરિ જયંતી- રામનવમીના સમૈયા પ્રસંગે બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો શોડષોપચાર મહાભિષેક પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે

શ્રી હરિ જયંતી- રામનવમીના સમૈયા પ્રસંગે સભામાં સ્કીમ કમિટીના સભ્યશ્રીઓ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની સમૂહ આરતી ઉતારતાં

